*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com


**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**





વર્ષ ૩૭ (૪૪૫) નવેમ્બર

અંક ૫ ૧૯૮૦




(૧) તીર્થંકર તથા ગણધરાદિ મહાપુરુષોએ અભ્યંતર તથા બાહ્ય બાર પ્રકારના તપનું વર્ણન કર્યું છે તથા તેનું પાલન કર્યું છે, તે તપોમાં સ્વાધ્યાય સમાન બીજો કોઈ તપ નથી તથા થશે નહિ અર્થાત્ સ્વાધ્યાય સર્વ તપોમાં શ્રેષ્ઠ તપ છે તેથી તેની ભાવના નિરંતર કરવા યોગ્ય છે.

( શ્રી કુંદકુંદઆચાર્ય, મૂલાચાર, સમયસાર-અધિકાર, ગાથા-૮૨ )

(૨) જે જીવના મનમાં અનર્થના કારણભૂત ક્રોધાદિ કષાયો કોઈ નિમિત્તને વશ થઈને ઉત્પન્ન થવા છતાં, જળમાં કરવામાં આવતી રેખા સમાન ટકતાં નથી તે શાંત સ્વભાવવાળો જીવ નિર્મળ સમ્યગ્દ્રષ્ટિ હોય છે.

( શ્રી અમિતગતિ આચાર્ય; સુભાષિત રત્નસંદોહ; ગાથા-૧૬૨ )

(૩) આ પ્રાણી, ધન-યૌવન-જીવન જળના બુદ્‌બુદની માફક તુરત વિલય પામી જતાં જોવા છતાં પણ તેને નિત્ય માને છે એ જ મોટું આશ્ચર્ય છે-એ જ મોહનું મહા બળવાન માહાત્મ્ય છે.

હે ભવ્ય જીવ ! તું સમસ્ત વિષયોને વિનાશીક સાંભળીને મહામોહને છોડી તારા અંતઃકરણને વિષયોથી રહિત કર. જેથી તું ઉત્તમ સુખને પ્રાપ્ત થાય. ( સ્વામીકાર્તિક અનુપ્રેક્ષા, ગાથા-૨૧-૨૨ )

(૪) 'શરીરાદિથી આત્મા ભિન્ન છે' એ વાત ઘણીવાર ગુરુમુખેથી સાંભળે તથા બીજાઓને તેવો ઉપદેશ પણ વારંવાર આપે, છતાં જ્યાં સુધી આત્માને શરીરાદિથી દ્રઢપણે ભિન્ન અનુભવે નહિ અર્થાત્ જ્યાં સુધી સ્વસન્મુખતા પૂર્વક તેનું તેને ભાવ-ભાસન થાય નહિ ત્યાં સુધી જીવ મુક્તિ લાયક બની શકે નહિ.

( શ્રી પૂજ્યપાદ આચાર્ય, સમાધિશતક, ગાથા-૮૧ )

વાર્ષિક
લવાજમ
નવ રૂપીયા
વર્ષ ૩૭
અંક ૫
[445]

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.
આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૦૬
A.D.1980
NOV.

# પોતાની પર્યાય પણ પરદ્રવ્ય !!

પંચમ આરાના સંતો પંચમ આરાના શ્રોતાઓને પોકાર કરીને કહે છે કે તું એકરૂપ પૂરણ પ્રભુ છો, તે જ આશ્રય કરવા લાયક છે. ત્રિકાળી એકરૂપ જ્ઞાયક પ્રભુનો આશ્રય કરનારી પર્યાય પણ આશ્રય કરવાયોગ્ય નથી. સનાતન સત્ એક જ ઉપાદેય છે ને એક સમયની મુદતવાળી પર્યાય ઉપાદેય નથી. ત્રિકાળી એકરૂપ વસ્તુને તથા લોકાલોકને જાણનારી પર્યાય પણ ઉપાદેય નથી. ઔદયિકાદિ ચારે ભાવો શુદ્ધ નિશ્ચયનયના બળે હેય છે, કેમ કે તેઓ પરસ્વભાવો છે અને તેથી જ તે પરદ્રવ્ય છે. સ્ત્રી–પુત્ર–પૈસા આદિ પરદ્રવ્યો તો ક્યાંય રહ્યાં, પણ જે એની પર્યાય છે, નિર્મળ પર્યાય છે તે પણ પરદ્રવ્ય છે. કેમ કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની આનંદની પર્યાય આવતી નથી તેમ ક્ષાયિક આદિ પર્યાયમાંથી પણ નવી આનંદ આદિની પર્યાય આવતી નથી માટે તેઓ પરદ્રવ્ય છે. પર્યાયમાત્રને પરદ્રવ્ય કહીને હેય કહ્યું તો સ્વદ્રવ્ય

**કોણ ? –કે ત્રિકાળી અનંત ગુણાત્મક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય છે. પરંતુ એ સ્વદ્રવ્યના આશ્રયે પણ તારું કાર્ય નહિ થાય, કેમ કે ત્રિકાળી અનંત ગુણાત્મક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય છે તે ભેદરૂપ છે ને ભેદના આશ્રયે તારું કાર્ય નહિ થાય. પરંતુ જે સ્વદ્રવ્યનો આધાર છે, જેનું લક્ષણ સહજ પરમપારિણામિકભાવ છે એવો કારણ–સમયસાર એક જ આશ્રય કરવા લાયક છે, આદરવા લાયક છે ને ઉપાદેય છે.**

[ શ્રી નિયમસાર ગાથા ૫૦ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧–૯–૮૦ ]

હેય–ઉપાદેય અથવા ત્યાગ–ગ્રહણના સ્વરૂપનું કથન કરતાં આચાર્યદેવ કહે છે કેઃ–

**પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;**
**આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.**

એક કોર પ્રભુ આત્માને એક કોર વિકલ્પ ને પર્યાય બધું પરમાં જાય છે. જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ જાણવા લાયક છે પણ આદરવા લાયક નથી. શુદ્ધ નિશ્ચયનયના બળે એ ચારેય ભાવો હેય છે. ૪૯ મી ગાથામાં જે ચાર ભાવોને–ઔદયિક આદિને વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેય કહ્યાં હતાં તેઓ શુદ્ધનયના બળે ખરેખર હેય છે, એ ભાવો આદરવા લાયક નથી. અનંત ચતુષ્ટય પ્રગટ થાય તે પણ ત્રિકાળીની અપેક્ષાએ–શુદ્ધનયના બળે હેય છે.

પંચમ આરાના સાધુ પંચમ આરાના શ્રોતાને આ કહે છે. ત્રિકાળી જ્ઞાયકભાવની અપેક્ષાએ પર્યાયમાત્ર હેય છે, આદરવા લાયક નથી, આશ્રય કરવા લાયક નથી, ઉત્તમ માનવા યોગ્ય નથી, શરણ કરવા લાયક નથી. પંચમ આરાના પ્રાણી હલ્કા પુણ્ય લઈને આવ્યા તેને એમ કહે છે કે તું પૂરણ એકરૂપ પ્રભુ છો, તે એક જ આદરણીય છે. તેના તરફ જે પર્યાય જાય, લક્ષ કરે એ પર્યાય પણ આદરણીય નથી, હેય છે. સ્વદ્રવ્યનો આશ્રય કરનારી પર્યાય પણ હેય છે. સનાતન અખંડ એકરૂપ વસ્તુની દૃષ્ટિ કરનાર પર્યાય પણ હેય છે. દૃષ્ટિ કરનાર પર્યાયનો વિષય એ એક જ આદરણીય છે.

પૂર્ણાનંદનો નાથ એકસ્વરૂપે બિરાજમાન છે તેને અનેકપણાનો આળ ન દેવો. ત્રિકાળી સનાતનમાં અનાદિ–સાંત ને સાદિ–અનંત પર્યાયનો અભાવ છે અને તે પર્યાય હેય છે. સંસાર અનાદિ–સાંત ને મોક્ષ સાદિ–અનંત, પણ એ બધું પર્યાય છે, તેની

મુદ્દત એક સમયની છે, ત્રિકાળીમાં તેનો અભાવ છે, માટે તેઓ હેય છે. બંધની પણ એક સમયની સ્થિતિ છે ને રૂપાંતર થઈને મોક્ષ થાય એની પણ એક સમયની સ્થિતિ છે, ત્રિકાળીમાં એ નથી, માટે હેય છે.

રાગમાં અટકવાની બંધપર્યાય ને મોક્ષપર્યાય પોતાથી થઈ છે, પરથી પર્યાય થઈ નથી પણ એ બન્ને એક સમયની સ્થિતિવાળા છે, તેથી તે ત્રિકાળસ્થિત વસ્તુની અપેક્ષાએ છોડવાલાયક છે, હેય છે. શા કરણથી હેય છે? –કે તેઓ પરસ્વભાવ છે. કેવળજ્ઞાન એ પરસ્વભાવ છે, ત્રિકાળસ્વભાવ નથી. વિકાર તો પરસ્વભાવ છે જ પણ આ તો શુદ્ધપર્યાય પણ પરસ્વભાવ છે આહાહા!

ભાઈ! તારો નાથ એવો છે કે જેની કિંમત આગળ એક સમયની પર્યાયની કિંમત નથી. ત્રિકાળી સ્વભાવની કિંમત આગળ કેવળજ્ઞાનની એક સમયની પર્યાયની કિંમત નથી. દ્રવ્યસ્વભાવ આનંદરૂપ છે ને ચાહે તો તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ હો પણ તે દુઃખરૂપ છે અને દ્રવ્યસ્વભાવની સન્મુખ થઈને નિરાકુળતા પ્રગટ થાય તે પણ ત્રિકાળી નિરાકુળતા આગળ હેય છે. શા કારણે હેય છે? –કે તેઓ પરસ્વભાવ છે.

રાગની એકતાનો ભાવ પરસ્વભાવ, તેમ મુક્તિની અવસ્થા પણ પરસ્વભાવ; આહાહા! કાને પડવું મુશ્કેલ છે. મોક્ષનો ઉત્પાદ ને બંધનો વ્યય એ પણ એક સમયની મુદ્દતવાળા છે, મુક્તસ્વરૂપ ભગવાન આત્મા આગળ તેઓ હેય છે. મુક્તસ્વરૂપ ભગવાન આત્મા કહેતા કાંઈ તેને મુક્તિની અવસ્થાની અપેક્ષા હશે એમ નથી, ત્રિકાળ મુક્તસ્વરૂપ જ છે.

બંધ–મોક્ષ છે, પર્યાય છે, પણ એક સમયની મુદ્દતવાળી છે ને ભગવાન એકરૂપ ત્રિકાળ છે. જે સનાતન ટંકોત્કીર્ણ ત્રિકાળ વસ્તુ છે, ઉત્પાદ ને વ્યયનો જેમાં અભાવ છે તે એક જ આદરણીય છે. ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય ત્રણે સત્ છે. પણ ઉત્પાદનો એક સમય છે ને વ્યયનો પણ એક સમય છે. ત્રિકાળી એકરૂપ જ્ઞાયકભાવ સનાતન સત્ છે, જેમાં ઉત્પાદ–વ્યય પણ નથી ને હીનધિકતા પણ નથી ને અનેકરૂપતા પણ નથી, એ તો એકરૂપ ત્રિકાળી સનાતન સત્ છે. પ્રભુ! તારે ત્યાં દ્રષ્ટિ દેવાની છે.

ઉત્પન્ન થતી પર્યાય તો એક સમય પછી વ્યય પામી જશે, એ ઉત્પાદ–વ્યયની દ્રષ્ટિ છોડી દે. ભલે તે સત્ છે પણ એક સમયનું સત્ છે ત્યાંથી દ્રષ્ટિ છોડી દે ને સનાતન સત્‌ની દ્રષ્ટિ કર. ત્રિકાળી એકરૂપની દ્રષ્ટિ કરે છે તે પર્યાય છે. ત્રણે કાળે પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહીં છતાં એ એક સમયની પર્યાયની દ્રવ્ય આગળ કિંમત નથી. ક્યાં બંધની પર્યાયને ક્યાં ત્રણકાળ ત્રણલોકને જાણતી મોક્ષની અવસ્થા! –છતાં એ અવસ્થા પણ ત્રિકાળ એકરૂપ પ્રભુના આશ્રય આગળ હેય છે.

જેવડો એ કહેવાય છે તે એક સમયમાં વર્તમાનમાં ત્રિકાળ છે. સનાતન એકરૂપ વસ્તુને જાણનારી પર્યાય છે પણ એ પર્યાય પણ અરે! દ્રવ્યને ને ત્રણ લોકને જાણનારી પર્યાય પણ હેય છે. પ્રભુ! તારી ઊંધી માન્યતા પણ એક સમયની છે અને એ પર્યાયને પલટતા વાર નહીં લાગે! ત્રિકાળી જ્ઞાયકભાવ અંદર બિરાજે છે તેનો આશ્રય લેતાં એ ઊંધી માન્યતા બીજા સમયે નહીં રહી શકે.

બંધ ને મોક્ષની પર્યાયને હેય કહ્યાં, કારણ? –કે એની સ્થિતિ એક સમયની છે. ત્રિકાળ દ્રવ્ય છે તે સનાતન સત્ છે, તેની આગળ બંધ–મોક્ષ પરસ્વભાવે છે માટે હેય છે બંધ–મોક્ષની મુદ્દત એક સમયની છે. ભલે સમયાંતર થતાં થતાં અનંતા કાળ જાય પણ તેની મુદ્દત એક સમયની છે માટે તે પર્યાય પરસ્વભાવ છે, માટે તે હેય છે. હેય છે તે ઉપાદેયનો આશ્રય કરે છે. પરસ્વભાવ છે તે સ્વસ્વભાવનો આશ્રય કરે છે.

મોક્ષની પર્યાય પણ એક સમય રહે છે, એવી ને એવી પર્યાય નવી નવી થાય પણ એ પર્યાય તો એક સમય જ રહે છે માટે હેય છે. ચારે ભાવોને હેય કેમ કહ્યાં? –કે તેઓ પરસ્વભાવો છે. અને તેઓ પરસ્વભાવો છે તેથી જ પરદ્રવ્ય છે. કેવળજ્ઞાન પરસ્વભાવ છે ને ત્રિકાળીભાવ છે તે સ્વસ્વભાવ છે. ઉત્પન્ન થાય છે તે પરસ્વભાવ છે ને સનાતન છે તે સ્વસ્વભાવ છે. પરસ્વભાવ છે તેથી જ તે પરદ્રવ્ય છે. અહીં પરની વાત નથી. પોતાની પર્યાયની જ વાત છે. બંધ ને મોક્ષપર્યાય પરદ્રવ્ય છે. પરદ્રવ્ય કેમ? –કે પરદ્રવ્યમાંથી પોતાની પર્યાય આવતી નથી તેમ મોક્ષની પર્યાયમાંથી પણ નવી પર્યાય આવતી નથી માટે તે પરદ્રવ્ય છે. ત્રિકાળીની અપેક્ષાએ તે હેય છે, પરસ્વભાવ છે અને તેથી જ તે પરદ્રવ્ય છે. કેવળજ્ઞાન પર્યાય, સિદ્ધ પર્યાય, અનંત ચતુષ્ટય પર્યાયમાં પ્રગટ થવા છતાં તે પરદ્રવ્ય છે. કેમ કે તેમાંથી નવી પર્યાય આવતી નથી. જેમ આનંદની પર્યાય પરદ્રવ્યમાંથી આવતી નથી તેમ પર્યાયમાંથી નવી આનંદની પર્યાય આવતી નથી તેથી તે પરદ્રવ્ય છે. ત્રિકાળીમાંથી–ત્રિકાળીના આશ્રયથી આનંદની નવી પર્યાય આવે છે માટે તે સ્વદ્રવ્ય છે.

સર્વ વિભાવગુણપર્યાયથી રહિત શુદ્ધ–અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય છે. ખરેખર સહજ જ્ઞાન–સહજ દર્શન–સહજ ચારિત્ર–સહજ વીતરાગ સુખાત્મક શુદ્ધ–અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય છે. પર્યાયને પરદ્રવ્ય કહ્યું ને સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું. ત્રિકાળી સ્વભાવ તે સ્વદ્રવ્ય છે. એ સ્વદ્રવ્યનો આધાર કારણસમયસાર છે. સ્ત્રી–પુત્ર કે શરીર આદિને તો પરદ્રવ્યમાં પણ ન લેતાં–એ તો ક્યાંય રહ્યાં–પર્યાયને પરદ્રવ્ય કહ્યું ને ત્રિકાળી સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું. એ સ્વદ્રવ્યનો આધાર કારણસમયસાર છે, ત્યાં દૃષ્ટિ દેવાની છે.

અલ્પ સત્ત્વમાંથી આનંદની નવી દશા ઉત્પન્ન થતી નથી-તેથી ચારેય પર્યાય પોતાના અસ્તિત્વમાં હોવા છતાં તેને પરદ્રવ્ય કહ્યું છે. ત્રિકાળી જ્ઞાન આનંદ આદિ ધ્રુવ રહેનારા ગુણને સ્વદ્રવ્ય કહ્યું ને એ સ્વદ્રવ્યનો આધાર કારણપરમાત્મા છે. એકરૂપ સહજ સ્વભાવભાવ તે સ્વદ્રવ્ય અને તેનો આધાર સહજ પરમપારિણામિકભાવલક્ષણ કારણસમયસાર છે.

સ્ત્રી-પુત્ર-પૈસા કે શરીરાદિ તો ક્યાંય રહ્યાં, એ તો તારા અસ્તિત્વમાં પણ નથી. પરંતુ તારા અસ્તિત્વમાં જે ઔદાયિકાદિ ચાર ભાવો છે તેમાંથી નવી આનંદની પર્યાય આવતી નહીં હોવાથી તેઓ પરદ્રવ્ય છે. ત્યારે સ્વદ્રવ્ય કોણ? કે ત્રિકાળી સહજ જ્ઞાન -આનંદ આદિ અનંતગુણાત્મક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય છે અને તે સ્વદ્રવ્યનો આધાર કારણસમયસાર છે.

પોતાની પર્યાય જે પરદ્રવ્યને સ્પર્શતી પણ નથી તેને તો એક બાજુ રાખો પણ જે પોતાની પર્યાયના અસ્તિત્વમાં છે એ શાંતિ, આનંદ આદિની પર્યાયમાંથી નવી આનંદ આદિની પર્યાય આવતી ન હોવાથી પરદ્રવ્ય કહ્યું ને ત્રિકાળી ગુણોને સ્વદ્રવ્ય કહ્યું. કેવળ જ્ઞાનની પર્યાયને પણ પરદ્રવ્ય કહ્યું, તો સ્વદ્રવ્ય કોણ? -કે ત્રિકાળી ગુણસ્વભાવ તે સ્વદ્રવ્ય. અનંત ગુણસ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું તો તેનો આધાર કોણ? -કે ત્રિકાળી એકરૂપ કારણસમયસાર તે સ્વદ્રવ્યનો આધાર છે. ત્રિકાળી સહજજ્ઞાન-ત્રિકાળી સહજદર્શનાત્મક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય છે, તેનો આધાર કારણસમયસાર છે, એ કારણસમયસાર ઉપાદેય છે.

પર્યાયની અનેકતાને પરદ્રવ્ય કહ્યું ને ગુણની અનેકતાને સ્વદ્રવ્ય કહ્યું એ સ્વદ્રવ્યનો આધાર એકરૂપ કારણસમયસાર છે. તેનો આશ્રય લેતાં સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષની પર્યાય પ્રગટ થાય છે. આહાહા! ગજબ વાત છે! સંતોની વાતો! તેમાંયે શ્રીમદ્ કુંદકુંદાચાર્યદેવ! અને તે પણ કહે કે મારા માટે આ નિયમસાર બનાવ્યું છે! એ નિયમસારમાં અહીં કહે કે ચારેય ભાવોને-ક્ષાયિક ભાવને પણ અમે પરદ્રવ્ય કહીએ છીએ. કેમ કે તેમાંથી નવી પર્યાય આવતી નથી અને અનંતગુણો છે તે સ્વદ્રવ્ય છે અને તેનો આધાર સહજ પરમપારિણામિકભાવલક્ષણ કારણસમયસાર છે, તે જ ઉપાદેય છે, આશ્રય કરવા લાયક છે. એ કારણસમયસારના આશ્રયે કાર્યસમયસાર થાય છે.

ત્રિકાળી અંતઃસ્વભાવ તે સ્વદ્રવ્ય અને તેનો આધાર જેનું લક્ષણ સહજ પરમ પારિણામિકભાવ છે એવો કારણસમયસાર છે. કારણસમયસાર કેમ કહ્યું? -કે એ કારણસમયસારના આશ્રયે કાર્ય આવે છે. પર્યાયને પરદ્રવ્ય કહ્યું, અનંત ગુણોને સ્વદ્રવ્ય

કહ્યું પણ ત્રિકાળી પરમપારિણામિકને દ્રવ્ય ન કહેતાં કારણસમયસાર કહ્યું. કેમ કે તેના આશ્રયે કાર્ય આવે છે. અંતતત્ત્વ તો ત્રિકાળી સ્વભાવ છે પરંતુ એ અનંત ગુણાત્મક છે, તેના આશ્રયે તારું કાર્ય નહીં થાય, એ અનંતગુણાત્મક સ્વદ્રવ્યનો આધાર જે કારણ સમયસાર છે તેના આશ્રયે તારું કાર્ય થશે. માટે એ કારણસમયસાર ઉપાદેય છે, આશ્રય કરવા લાયક છે.

અનંતગુણાત્મક સ્વદ્રવ્યનો આધાર કોણ? –કે જેનું લક્ષણ સહજ પરમપારિણામિક ભાવ છે એવો કારણસમયસાર તે આધાર છે, તેના આશ્રયે તારું કાર્ય આવે છે. ત્રણ લોકના નાથનો આ પોકાર છે. પરદ્રવ્યનું લક્ષ તો છોડી દે પણ પર્યાયરૂપ જે પરદ્રવ્ય છે તેનું લક્ષ છોડી દે. અરે! જે અનંતગુણાત્મક સ્વદ્રવ્ય છે તે ભેદરૂપ છે માટે તેનું પણ લક્ષ છોડી દે! તેનો આધાર જે સહજ પરમપારિણામિકભાવલક્ષણ કારણસમયસાર તેનું લક્ષ કર. અનંતગુણોનો આધાર છે તેનું લક્ષણ શું? ક્યાં લક્ષણથી તે જણાય? –કે સહજ પરમપારિણામિકભાવ તેનું લક્ષણ છે. એવા કારણસમયસારનું લક્ષ કર.

## ભાઈ! ભવિષ્યમાં તારું શું થશે? વિચાર તો કર!

અરે! આખોદિ ધંધા ને બાયડી–છોકરાની મમતામાં પાપમાં જીવન ગાળે છે એનું શું થશે? એકલી મમતા મમતા ને મમતાના ફળમાં મરીને ઢોરમાં જશે. અહીં વાણીયો કરોડપતિ હોય ને મરીને ભૂંડ થાય ને વિષ્ટા ખાશે. એણે મારું શું થશે એમ નક્કી કરવું જોઈએને! –કે હું મરીને ક્યાં જઈશ! અહીં તો થોડો કાળ રહેવાનું છે પછી મારું શું થશે ને ક્યાં જઈશ એ નક્કી કરવું જોઈએ. પ્રશ્નઃ– ક્યાં જઈશ એ નક્કી થઈ શકે? ઉત્તરઃ– હા, શાસ્ત્રથી પરિણામ મેળવે તો નક્કી થઈ શકે છે. પ્રશ્નઃ– અમે તો આપના શરણે આવ્યા છીએ એટલે અમારી નાવ પાર કરી દો! ઉત્તરઃ– કોઈ કોઈનું કાંઈ કરી શકે છે? અહીં સાંભળે છે એના પરિણામ તો સારા રહે ને એનું ફળ સારું આવે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ એવી અધ્યાત્મની વાત જૈનમાં પણ ૫૦–૬૦ વર્ષ પહેલાં સાંભળી ન હતી, આવી વાત અત્યારે સાંભળે છે એને પુણ્ય ઊંચા જ થાય, એ મરીને સ્વર્ગમાં જાય કે મનુષ્ય થાય.

-પૂજ્ય ગુરુદેવ

# ચૈતન્યદરબારમાં જ ઉપયોગને લગાડી દે

જીવને અટકવાના જે અનેક પ્રકાર છે તે બધામાંથી પાછો વળ અને માત્ર ચૈતન્યદરબારમાં જ ઉપયોગને લગાડી દે; ચોક્કસ પ્રાપ્તિ થશે જ. અનંત અનંત કાળથી અનંત જીવોએ આવી જ રીતે પુરુષાર્થ કર્યો છે, માટે તું પણ આમ કર.

અનંત અનંત કાળ ગયો, જીવ ક્યાંક ક્યાંક અટકે જ છે ને? અટકવાના તો અનેક અનેક પ્રકાર; સફળ થવાનો એક જ પ્રકાર–ચૈતન્યદરબારમાં જવું તે, પોતે ક્યાં અટકે છે તે જો પોતે ખ્યાલ કરે તો બરાબર જાણી શકે.

દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જીવ ક્યાંક સૂક્ષ્મપણે અટકી જાય છે, શુભભાવની મીઠાશમાં રોકાઈ જાય છે, 'આ રાગની મંદતા, આ અઠ્યાવીસ મૂળગુણ, –બસ આ જ હું, આ જ મોક્ષનો માર્ગ, ઇત્યાદિ કોઈ પ્રકારે સંતોષાઈ અટકી જાય છે; પણ આ અંદરમાં વિકલ્પો સાથે એકતાબુદ્ધિ તો પડી જ છે તેને કાં જોતો નથી? આ અંતરમાં શાંતિ કેમ દેખાતી નથી? પાપભાવ ત્યાગી 'સર્વસ્વ કર્યું' માની સંતોષાઈ જાય છે. સાચા આત્માર્થીને અને સમ્યગ્દ્રષ્ટિને તો 'ઘણું બાકી છે, ઘણું બાકી છે' એમ પૂર્ણતા સુધી ઘણું બાકી છે એમ જ ભાવના રહે અને તો જ પુરુષાર્થ અખંડ ટકી શકે.

ગૃહસ્થાશ્રમમાં સમકિતીએ મૂળિયાં પકડી લીધાં, (દ્રષ્ટિ અપેક્ષાએ) બધું કરી લીધું, અસ્થિરતારૂપ ડાળાં–પાંદડાં જરૂર સુકાઈ જશે. દ્રવ્યલિંગી સાધુએ મૂળ જ પકડયું નથી; એણે કાંઈ કર્યું જ નથી. 'સમકિતીને ઘણું બાકી છે ને દ્રવ્યલિંગી મુનિએ

ઘણું કરી લીધું’–એમ બાહ્યદ્રષ્ટિ લોકોને ભલે લાગે; પણ એમ નથી. પરિષહ સહન કરે પણ અંતરમાં કર્તૃત્વબુદ્ધિ તૂટી નથી, આકુળતા વેદાય છે, તેણે કાંઈ કર્યું જ નથી. ૧૯૯.

‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૯-૮-૮૦

જીવને અટકવાના અનેક પ્રકાર છે. અટકવાનું શું છે તે વિચાર વિના બેસે નહીં. ક્યાં ભૂલ છે ને શું હું માનું છું? અતીન્દ્રિય આનંદ વિના જે કાંઈ બાહ્ય ક્રિયા છે તેમાં અટકે છે. હું વ્રત પાળું છું, બ્રહ્મચાર્ય પાળું છું, વિશેષ જાણપણું છે–ઇત્યાદિ અસંખ્ય પ્રકારના અટકવાના કારણો છે. પ્રભુ! અનંતકાળે મનુષ્યપણું પામવું મુશ્કેલ છે; એ મનુષ્યપણું તને મળ્યું ને પ્રભુ! દુનિયાની વાત છોડી દે. હું કાંઈક છું–એવી દ્રષ્ટિ છોડી દે. બધેયથી વિમુખ થા. માત્ર ચૈતન્યદરબારમાં અનંત અનંત શાંતિ ભરી પડી છે તેનું વેદન કર. બીજું બધું છોડીને આનંદકંદ પ્રભુના દરબારમાં જા.

બીજી ચંચળતા છોડી દે, બીજી કલ્પના છોડી દે ને ચૈતન્યદરબારમાં ઉપયોગ લગાડી દે. બહારથી બધેયથી ઉપયોગને સમેટીને ઉપયોગને ચૈતન્યદરબારમાં જોડી દે. અનંત આનંદ, અનંત શાંતિ, અનંત પ્રભુતા, અનંત–અનંત ગંભીર શક્તિઓનો સાગર પ્રભુ છે, ત્યાં ઉપયોગ લગાવી દે. દયા–દાન–વ્રત–ભક્તિ તો શુભભાવ છે, એ કાંઈ ધર્મ નથી. જ્યાં એકલો આનંદ ને શાંતિ ભરી છે એવા ચૈતન્યદરબારમાં ઉપયોગ લગાવી દે. અવશ્ય પ્રાપ્તિ થશે. નિઃસંદેહ પ્રાપ્તિ થશે.

અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ સ્વરૂપમાં ઉપયોગ લગાવી દે. અનંત અનંત કાળથી અનંતા જીવોએ આવી જ રીતે પુરુષાર્થ કર્યો છે માટે તું પણ આમ કર. અનંત જીવો મોક્ષે પધાર્યા છે, સર્વે અંતર્મુખ ઉપયોગ લગાવીને સિદ્ધ થયા છે, બીજો કોઈ ઉપાય નથી. માટે તું પણ આમ કર. અનંતવાર સાધુપણું લીધું, મહાવ્રતાદિ પાળ્યા, પણ એ કાંઈ આત્મા નથી.

અટકવાના અનેક પ્રકાર છે, સફળ થવાનો એક જ ઉપાય છે. આ તો ચૈતન્યદરબારમાં જવું છે, બહારના દરબારમાં–રાજાના દરબારમાં જાય તો કેટલી તૈયારી કરીને જાય. આ તો આત્મદરબારમાં જવું છે, ત્યાં તો બધા વિકલ્પો છોડીને, આત્મશ્લાઘા, આત્મપ્રશંસા આદિ છોડીને ચૈતન્યદરબારમાં જવાય. આ તો બેનની વાણી છે, સ્વયં નીકળી ગઈ છે, કોઈ કોઈ વખતે બોલેલા, અતીન્દ્રિય આનંદના અનુભવમાંથી આ વાત આવી ગઈ છે. કહે છે કે બહારની બધી ચિંતા, વિકલ્પ, મોટાઈ, પ્રશંસા આદિ બધું ત્યાગીને અંતર દરબારમાં જવું.

પોતે ક્યાં અટકે છે તેનો પોતે જો બરાબર ખ્યાલ કરે તો બરાબર જાણી શકે. આ શરત છે કે પોતે ક્યાં અટકે છે તેનો પોતે બરાબર ખ્યાલ કરે તો ખ્યાલ આવી શકે. જાણપણાદિમાં ક્યાં અટકયો છે તેનો ખ્યાલ કરે તો ખ્યાલમાં આવે છે. દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જીવ ક્યાંક સૂક્ષ્મપણે અટકી જાય છે. સૂક્ષ્મ શુભભાવની મીઠાશમાં રોકાઈ જાય છે પણ એ શુભભાવો તો પરલક્ષી ભાવ છે.

દ્રવ્યલિંગી સાધુ હોય મિથ્યાદ્રષ્ટિ પણ રાગની બહુ મંદતા હોય તેમાં અટકી જાય છે કે 'બસ આ હું છું' –સંસાર છોડયો, રાણીઓ છોડી, હજારોની પેદાશ છોડી ને આ વ્રતાદિની ક્રિયા કરું છું તે હું છું–એમ અટકી જાય છે. પણ તેથી શું થયું ? અંતર આનંદની જેમાં ગંધ આવી નહીં એવી શુભક્રિયાથી શું ? પરંતુ મિથ્યાદ્રષ્ટિ અનાદિથી શુભભાવની મીઠાશમાં રોકાઈ જાય છે. સૂક્ષ્મ વ્યવહારના રાગની મંદતા કરતાં કરતાં તેમાં રોકાઈ જાય છે, પરંતુ એ તો મિથ્યાત્વ છે. બધું અનંતવાર છૂટયું પણ મિથ્યાત્વ એકેયવાર નથી છૂટયું.

હું અઠયાવીશ મૂળગુણ પાળું છું–આદિમાં સંતોષાઈ જાય છે; પણ આ વિકલ્પો સાથે અંતરમાં એકત્વબુદ્ધિ તો પડી છે, તેનાથી તો ભેદજ્ઞાન કર્યું નથી. અતીન્દ્રિય આનંદનો અનુભવ તો કર્યો નથી ને અંદર વિકલ્પની એકતાબુદ્ધિ પડી છે તેને કેમ દેખતો નથી ? હું જ્ઞાયક છું, હુ શુદ્ધ છું, –એવા સૂક્ષ્મ વિકલ્પો ઊંડે ઊંડે ઉત્પન્ન થાય છે. એ વિકલ્પોની એકતા પણ મિથ્યાત્વ છે.

અંતરમાં શાંતિ કેમ દેખાતી નથી ? પાપ ભાવ છોડયો ત્યાં સર્વસ્વ કર્યું–એમ માનીને સંતોષાઈ જાય છે. બહારના વ્યવહારના આચરણ આદિ કરે, નિરતિચાર પાળે, દેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધા પણ કરે પણ વિકલ્પ તૂટવો ને શાંતિ મળવી એ વાત કરી નહીં, વ્યવહાર આવે ખરો, તેના પ્રકાર અનેક હોય છે, પણ એ કાંઈ આત્માનું સાધન નથી.

પાપભાવ ત્યાગીને 'મેં બહુ કર્યું' એમ માની સંતોષાઈને અટકી જાય છે. સાચા આત્માર્થીને ને સમ્યગ્દ્રષ્ટિને તો 'ઘણું બાકી છે, ઘણું બાકી છે' –એમ ભાવના રહે. આહાહા ! ક્યાં ક્ષપકશ્રેણી ! ક્યાં કેવળજ્ઞાન ! હજુ અમારે ઘણું બાકી છે એમ સમ્યગ્દ્રષ્ટિ પુરુષાર્થ કરે છે. સમ્યગ્દ્રષ્ટિ એમ જાણે છે કે અમે પામર છીએ, અમારે હજી ઘણું બાકી છે. સ્વામી કાર્તિકેયમાં આવે છે કે સમ્યગ્દ્રષ્ટિ એમ માને છે કે ચારિત્ર પાસે અમે તો પામર છીએ. હાલતાં–ચાલતાં–વાંચતાં–ખાતાં–પીતાં અપ્રમત્ત દશામાં ચાલ્યા જાય એવા ચારિત્ર પાસે અમે તો પામર છીએ. સમકિતીને એમ લાગે કે હજી તો ઘણું બાકી છે–એમ પૂર્ણતા સુધી ભાવના રહે. મિથ્યાદ્રષ્ટિ દ્રવ્યલિંગ ધારણ કરીને માને કે અમે ઘણું

કર્યું ને સમકિતી એમ માને કે પર્યાયમાં હું પામર છું, મારે ઘણું કરવાનું બાકી છે. શેનું હું અભિમાન કરું? શેમાં સંતોષાઈ જાઉં? એમ ઘણું કરવાની ભાવના રહે છે તેથી તેનો સ્વભાવ તરફનો પુરુષાર્થ અખંડ ચાલુ જ રહે છે.

બેનને ખબર નહીં કે કોઈ લખી લે છે. એને તો બહાર પડવાનો ભાવ નહીં. એ તો ધર્મરત્ન માતા છે. એમની આ વાણી છે. કહે છે કે સમ્યગ્દર્શન થયું છતાં માને છે કે મારે ઘણું કરવાનું બાકી છે ત્યારે તો પુરુષાર્થ અખંડ ટકી રહે છે. ભાષા મીઠી બહાર આવી ગઈ છે.

ગૃહસ્થાશ્રમમાં સમકિતીએ મૂળિયાં પકડી લીધા છે. દ્રષ્ટિ અપેક્ષાએ સમકિતીએ બધું જ કરી લીધું છે. અસ્થિરતારૂપ ડાળાં-પાંદડાં જરૂર સુકાઈ જશે. દ્રવ્યલિંગી સાધુએ મૂળ જ પકડયું નથી. તેથી તેણે કાંઈ જ કર્યું નથી. નિર્વિકલ્પ દ્રવ્યને પકડયું નથી, તેણે કાંઈ કર્યું નથી ને સમકિતીએ નિર્વિકલ્પ દ્રવ્યને પકડયું છે, તેને અસ્થિરતાનો દોષ છે પણ તે નાશ થઈ જશે. ઋષભદેવ ભગવાન ૮૩ લાખ પૂર્વ ચારિત્ર વિના રહ્યાં! ત્રણ જ્ઞાન તો હતાં, ક્ષાયિક સમકિત હતું છતાં ૮૩ લાખ પૂર્વ પછી ચારિત્ર આવ્યું. સમ્યગ્દર્શન છે તો ચારિત્ર આવ્યા વિના રહે જ નહીં.

સમકિતીને ઘણું બાકી છે ને દ્રવ્યલિંગીએ ઘણું કરી લીધું-એમ બાહ્યદ્રષ્ટિ લોકોને ભલે લાગે, પણ એમ નથી. પરિષહ સહન કરે પણ અંદરમાં કર્તૃત્વબુદ્ધિ તૂટી નથી; સમ્યગ્દ્રષ્ટિને એકતા તૂટી ગઈ હોવાથી રાગની કર્તૃત્વબુદ્ધિ તૂટી ગઈ છે. અજ્ઞાનીને દ્રવ્ય-લિંગમાં વિકલ્પની એકતા બુદ્ધિ તૂટી નથી. અંદર સૂક્ષ્મ વિકલ્પ શું છે ને એમાં મારી એકતા ક્યાં છે તેની ખબર નથી તેથી દ્રવ્યલિંગીને કર્તૃત્વબુદ્ધિ તૂટી નથી. ભલેને પરિષહ સહન કરે.

જ્ઞાયકસ્વભાવના પડખે ચડયો નથી તેથી કર્તાબુદ્ધિ છૂટી નથી ને તેથી મિથ્યાત્વનું પોષણ થયા કરે છે. સમ્યગ્દર્શનમાં રાગની કર્તાબુદ્ધિ તૂટી ગઈ છે તેથી એકતાબુદ્ધિની પુષ્ટિ થયા કરે છે; ભલેને લડાઈ આદિમાં ઊભો હોય તોપણ ધ્રુવ ઉપરથી દ્રષ્ટિ ખસતી નથી. દ્રવ્યલિંગીને અંદરથી કર્તૃત્વબુદ્ધિ તૂટી નથી, આકુળતા વેદાય છે, તેથી તેણે કાંઈ કર્યું જ નથી. જ્યાં કર્તાબુદ્ધિ તૂટી નથી, આકુળતા મટી નથી, તેણે કાંઈ કર્યું જ નથી. આત્મામાં જે શાંતિ છે તેનું પરિણમન આવ્યું નહીં ને કર્તાબુદ્ધિ તૂટી નહીં તેને આકુળતા વેદાય છે, ભલેને બાહ્યમાં કેટલાય ત્યાગ કરે! સમ્યગ્દ્રષ્ટિ રાજમાં ઊભા દેખાય છતાં અતીન્દ્રિય આનંદનું વેદન કરે છે.

# રાગ-દ્વેષ-મોહનું કારણ અજ્ઞાન છે, વિષયો નથી

'જ્ઞાન અને જ્ઞેય તદ્દન ભિન્ન છે, આત્માના દર્શન–જ્ઞાન–ચારિત્રાદિ કોઈ ગુણો પરદ્રવ્યોમાં નથી' એમ જાણતો હોવાથી સમ્યગ્દ્રષ્ટિને વિષયો પ્રત્યે રાગ થતો નથી; વળી રાગદ્વેષાદિ જડ વિષયોમાં પણ નથી; તેઓ માત્ર અજ્ઞાનદશામાં વર્તતા જીવના પરિણામ છે. –આવા અર્થની ગાથાઓ હવે કહે છેઃ–

**ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન વિષયમાં,**
**તે કારણે આ આત્માં શું હણી શકે તે વિષયમાં? ૩૬૬.**
**ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કર્મમાં,**
**તે કારણે આ આત્માં શું હણી શકે તે કર્મમાં? ૩૬૭**
**ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કાયમાં,**
**તે કારણે આ આત્માં શું હણી શકે તે કાયમાં? ૩૬૮.**
**છે જ્ઞાનનો, દર્શન તણો, ઉપઘાત ભાખ્યો ચરિતનો,**
**ત્યાં કાંઈ પણ ભાખ્યો નથી ઉપઘાત પુદ્ગલદ્રવ્યનો. ૩૬૯.**
**જે ગુણ જીવ તણા, ખરે તે કોઈ નહિ પરદ્રવ્યમાં,**
**તે કારણે વિષયો પ્રતિ સુદ્રષ્ટિ જીવને રાગ ના. ૩૭૦.**
**વળી રાગ, દ્વેષ, વિમોહ તો જીવના અનન્ય પરિણામ છે,**
**તે કારણે શબ્દાદિ વિષયોમાં નહીં રાગાદિ છે. ૩૭૧.**

રાગ દ્વેષાદિ સમ્યગ્દ્રષ્ટિ આત્મામાં નથી તેમ જ જડ વિષયોમાં નથી, માત્ર અજ્ઞાન દશામાં રહેલા જીવના પરિણામ છે.

ખરેખર જે જેમાં હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે. એટલે કે આધારનો ઘાત થતાં આધેયનો ઘાત થાય છે. જેમ દીવાનો ઘાત થતા દીવાનો પ્રકાશ હણાય છે. દીવો આધાર છે ને પ્રકાશ આધેય છે. દીવો હણાતાં આધેય–પ્રકાશ હણાય જ છે. વળી જેમાં જે

હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે એટલે કે આધેયનો ઘાત થતાં આધારનો ઘાત થાય જ છે, જેમ પ્રકાશનો ઘાત થતાં દીવો હણાય જ છે.

પરંતુ જે જેમાં ન હોય તે તેનો ઘાત થતાં હણાતું નથી. જેમ ઘડાનો ઘાત થતાં ઘડામાં રહેલો દીવો હણાતો નથી તથા પ્રકાશનો ઘાત થતાં ઘડો હણાતો નથી–એ ન્યાય કહ્યો હવે સિદ્ધાંત કહે છેઃ–

તેવી રીતે આત્માના દર્શન–જ્ઞાન આદિ ગુણો શરીરના ઘાતથી હણાતાં નથી. શરીર હણાય તો કાંઈ જ્ઞાન–દર્શન હણાતા નથી. શરીર–વાણી અટકી જાય, રોકાઈ જાય કે હણાઈ જાય તેથી જ્ઞાન–દર્શનનું આરાધનપણું હણાઈ જતું નથી. શરીર ને વાણીની ક્રિયા ન થાય તેથી આત્માના ગુણોનો ઘાત થાય એમ નથી.

જો એમ ન હોય તો, અંદર અજ્ઞાનથી દર્શન–જ્ઞાનનો ઘાત થયો હોય તો પુદ્ગલનો ઘાત થવો જોઈએ, પણ શરીરનો ઘાત થતો નથી. અજ્ઞાનથી દર્શન–જ્ઞાનનો ઘાત થયો છતાં પંચમહાવ્રત આદિની ક્રિયા તો દ્રવ્યલિંગીને એવી ને એવી રહી છે. દેવ–ગુરુના વંદન–વિનયની શરીરની ક્રિયા અટકી ગઈ માટે અંદર જ્ઞાન–દર્શન આદિ ગુણોનો ઘાત થતો નથી. શરીરની ક્રિયા ન થઈ છતાં અંદર દર્શન–જ્ઞાન આદિ ગુણો તો રહ્યા છે.

શરીરના ગુણો આત્મામાં નથી ને આત્માના ગુણો શરીરમાં નથી. તેથી શરીરની ક્રિયા અટકી જાય તોપણ આત્મામાં ગુણોનો ઘાત થતો નથી. પંચમહાવ્રત–વિનય આદિ દેહની ક્રિયા અટકી ગઈ માટે અંદર જ્ઞાન–દર્શન આદિ ગુણો ઘાત થયા એમ નથી. અજ્ઞાનને લઈને જ્ઞાન–દર્શન આદિ ધર્મોનો ઘાત થાય છે અને શરીરની ક્રિયા અટકી જાય છતાં અંદર આત્માના આનંદ આદિ વધી પણ જાય.

શરીરની ક્રિયા ઘટી ગઈ, હણાઈ ગઈ છતાં આત્માને લઈને ગુણો પ્રગટ થયા છે તે ઘટી જતાં નથી. તેમ શરીરની વંદન–વિનય આદિની ક્રિયા એવી ને એવી રહી છતાં અંદર અજ્ઞાનને લઈને ગુણો હણાઈ જાય છે. દેહની ક્રિયા–વંદન–વિનય આદિ બધું અટકી જાય છતાં અંદર ગુણોનો ઘાત થતો નથી કારણકે ગુણોનો ઘાત થવાનું કારણ તો અજ્ઞાન છે. તેવી રીતે શરીરની બહારની દ્રવ્ય ક્રિયા એવી ને એવી રહે છતાં અંદર અજ્ઞાનથી ગુણોનો ઘાત થઈ જાય છે. શરીરની ક્રિયા વંદન–વિનય આદિની એવી ને એવી રહે માટે ગુણોનો ઘાત ન થાય કે શરીરની ક્રિયા સરખી ન રહે માટે ગુણોનો ઘાત થાય એમ છે જ નહીં.

દુકાન–ધંધો–સ્ત્રી–પુત્ર છોડયા માટે અંદર જ્ઞાન–દર્શન આદિ ગુણો થાય કે દુકાન–ધંધો આદિ છે માટે અંદર અજ્ઞાનના નાશથી થયેલા જ્ઞાનાદિ ગુણોનો ઘાત થઈ જાય એમ

છે જ નહીં. અજ્ઞાનને લઈને દ્રષ્ટિ મિથ્યાત્વ થઈ ગઈ ને દેહની ક્રિયા એવી ને એવી રહી; એવી ને એવી દેહની ક્રિયા રહેવા છતાં અંદર અજ્ઞાનને લઈને સમ્યગ્દર્શનનો ઘાત થાય છે.

ભરત–બાહુબલીને લડાઈ થઈ, છતાં એ ક્રિયા થવાથી તેમના જ્ઞાનાદિ ગુણો હણાયા નથી. કેમ કે જ્ઞાનાદિ ગુણો શરીરની ક્રિયામાં નથી. દ્રવ્યલિંગી ચુસ્ત ક્રિયા કરે છતાં અંદર અજ્ઞાનને લઈને ગુણોનો ઘાત થયેલ છે, ક્રિયા ચોક્ખી છે માટે અંદર ગુણો રહ્યા છે એમ નથી.

ભરત ચક્રવર્તીને એટલો મોટો રાજ્યવૈભવ ને ભોગ છે છતાં ક્ષાયિક સમકિતના એક અંશને પણ આંચ આવતી નથી અને સ્ત્રી–પુત્ર આદિ છોડીને બેઠો હોય, બ્રહ્મચર્ય પાળતો હોય પણ તેથી કાંઈ અંદર જ્ઞાન આદિ ગુણો થાય એમ નથી કારણકે પુદ્ગલના ગુણો જીવમાં નથી ને જીવના ગુણો પુદ્ગલમાં નથી. તેથી ક્રિયાના આધારે જીવના ગુણો રહે કે ગુણોના આધારે પુદ્ગલની ક્રિયા રહે એવો કોઈ જ સંબંધ નથી.

શરીરની છેલ્લી સ્થિતિ એવી થઈ ગઈ હોય કે ગુરુ આવતાં વિનય આદિ પણ ન કરી શકે તેથી તેના ગુણોનો ઘાત થાય એમ નથી. જેમ ચાંદનીની ધોળાશ ચાંદનીમાં છે, પૃથ્વીમાં નથી તેમ આત્માના ગુણો આત્મામાં છે, દેહના આધારે નથી. તેથી દેહની ક્રિયા કાંઈ કામ ન કરે માટે આત્માના ગુણ હણાઈ જાય એમ છે જ નહીં.

ત્યારે શિષ્ય પ્રશ્ન કરે છે કે જો આમ છે તો સમ્યગ્દ્રષ્ટિને વિષયોમાં રાગ કયા કારણે થાય છે? ઉત્તરઃ– કોઈ પણ કારણે થતો નથી. પ્રશ્નઃ– તો પછી રાગની કઈ ખાણ છે? સમ્યગ્દ્રષ્ટિ ચક્રવર્તી ૯૬ હજાર સ્ત્રી પરણે અને છતાં વિષયોમાં રાગાદિક નથી તો રાગની કઈ ખાણ છે? એમ પ્રશ્ન કરે છે. તેને કહે છે કે રાગ–દ્વેષ–મોહ અર્થાત્ અજ્ઞાન જ રાગ ઉપજવાની ખાણ છે. દેહની ક્રિયાથી અજ્ઞાન થઈ જાય કે ચારિત્ર–મોહના રાગથી અજ્ઞાન થઈ જાય એમ છે જ નહીં. વિષયો છૂટયા માટે ગુણી થયો કે વિષયો છે માટે અવગુણી થયો એમ નથી. રાગ–દ્વેષ ને મોહ એ જીવના જ અજ્ઞાનમય પરિણામ છે ને અજ્ઞાન જ રાગાદિકને ઉપજાવવાની ખાણ છે.

વિષયોમાં રાગાદિક નથી. તેથી વિષય છોડે માટે અહીં જ્ઞાન આદિ ગુણો છે એમ નથી. વિષયોમાં રાગ–દ્વેષ–મોહ નથી. કારણકે વિષયો તો પરદ્રવ્યો છે. જીવના ગુણોની ઊંધી અવસ્થા ગુણોમાં છે, વિષયોમાં નથી. તેથી વિષયોને લઈને અજ્ઞાન છે કે વિષયો છૂટી જતાં જ્ઞાન છે એમ નથી.

અજ્ઞાની એક એક રસનો રોજ ત્યાગ કરે અને ચક્રવર્તીનો એક કવળ–કોળિયો અબજો રૂપિયાની કિંમતનો હોય છતાં ચક્રવર્તીને સમકિતમાં દોષ નથી. વિષયોમાં રાગાદિ

નથી તેથી વિષયો છૂટતાં રાગાદિ છૂટી જાય કે વિષયોને લઈને અજ્ઞાન થઈ જાય એમ નથી. કારણકે વિષયો તો પરદ્રવ્ય છે, તેમાં રાગાદિક નથી. વળી સમ્યગ્દષ્ટિમાં પણ રાગાદિક નથી, કારણકે સમ્યગ્દષ્ટિને અજ્ઞાનનો અભાવ છે.

સંયોગી ચીજ વધે કે ઘટે માટે તારા ગુણમાં ફેરફાર થાય છે એમ નથી. તારો અવગુણ પણ તારામાં છે. તારી અવસ્થામાં અજ્ઞાન છે, તેથી એ અવસ્થા છોડયા વિના શરીરની ક્રિયાથી રાગાદિ ટળી જશે એમ નથી. સમ્યગ્દષ્ટિને જે રાગ–દ્વેષ થાય એ તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે છે, એ રાગ પોતા તરીકે નથી. જ્ઞાની ને જ્ઞાનનું એટલું બળવતર જોર છે કે રાગને પર તરીકે જાણે છે. અને એ રાગમાં રસ હોય તો તે અજ્ઞાની છે.

પર્યાય દૃષ્ટિ ટાળીને દ્રવ્ય દૃષ્ટિ થઈ પછી જે રાગાદિ થાય તે જ્ઞાનના જ્ઞેય તરીકે છે અને તેને ખ્યાલમાં છે કે મારે આ રાગમાં રોકાવાનું નથી. મારે આ રાગ ટાળીને આગળ વધવાનું છે.

તારામાં તું ને પરમાં તે, તેથી પરના ગ્રહણ–ત્યાગથી તારામાં અવગુણ–ગુણ આવી જાય એમ નથી. ભરતજીને બહારમાં ચક્રવર્તીના સામ્રાજ્ય હોવા છતાં કે ભરત –બાહુબલીને લડાઈનો વિકલ્પ હોવા છતાં એ રાગ જ્ઞાનનું જ્ઞેય છે. રાગની એકત્વબુદ્ધિ તૂટી ગઈ છે તેથી તેને અજ્ઞાનનો અભાવ છે.

આ રીતે રાગાદિક વિષયોમાં નહીં હોવાથી તેમ જ દ્રવ્યદૃષ્ટિ થવાથી સમ્યગ્દષ્ટિને પણ રાગાદિ નહીં હોવાથી તેઓ છે જ નહીં, તેઓ માત્ર અજ્ઞાનદશામાં રહેલા જીવના પરિણામ છે.

## ... તો એ શુભને ઠીક કેમ કહેવાય ?

હે જીવ! તને ક્યાંય ન ગમે તો તારો ઉપયોગ પલટાવી નાખ, જગતમાં ક્યાંય ગમે તેવું નથી, એક આત્મામાં ગમે તેવું છે માટે ત્યાં ઉપયોગ લગાવી દે. પ્રવચનસારમાં તો કહે છે કે શુભ–અશુભ બન્ને ભાવ દુઃખરૂપ છે. અશુભના ફળમાં નરક અને શુભના ફળમાં સ્વર્ગના ભોગ મળે પણ એ ભોગમાં લક્ષ જાય એ ભાવ પણ અશુભ હોવાથી દુઃખ છે. તેથી અશુભનું ફળ નરક ને શુભનું ફળ સ્વર્ગ. ત્યાં પણ દુઃખ જ છે તો શુભ અશુભના ફળમાં ફેર ક્યાં રહ્યો ? એ બન્ને દુઃખના કારણ છે તો એ શુભને ઠીક કેમ કહેવાય ? પ્રભુ ! જેના ફળમાં દુઃખ છે એવા શુભ તને રુચે છે કેમ ? –પૂજ્ય ગુરુદેવ

## ❀ ચૈતન્ય કોઈ અપૂર્વ ચીજ છે, તેનો મહિમા કરવો ❀

**એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી. ચૈતન્યનો મહિમા અને સંસારનો મહિમા બે સાથે ન રહી શકે. કેટલાક જીવો માત્ર ક્ષણિક વૈરાગ્ય કરે કે સંસાર અશરણ છે, અનિત્ય છે, તેમને ચૈતન્યની સમીપતા ન થાય. પણ ચૈતન્યના મહિમાપૂર્વક જેને વિભાવોનો મહિમા છૂટી જાય, ચૈતન્યની કોઈ અપૂર્વતા લાગવાથી સંસારનો મહિમા છૂટી જાય, તે ચૈતન્યની સમીપ આવે છે. ચૈતન્ય કોઈ અપૂર્વ ચીજ છે; તેની ઓળખાણ કરવી, તેનો મહિમા કરવો. ૧૭૧.**

**‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી**

ચૈતન્યનો મહિમા ને સંસારનો મહિમા બે સાથે ન રહી શકે. જેને રાગની મહિમા છે તેને ચૈતન્યનો મહિમા નથી. જેને રાગનું કર્તાપણું છે તેને ચૈતન્યનો મહિમા છે નહીં. જેમ એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે તેમ અંતરમાં ચૈતન્યનો મહિમા ને રાગની મહિમા બે સાથે ન રહી શકે. અકષાય શાંત ત્રિકાળીનો મહિમા ને સંસારની મહિમા સાથે ન રહી શકે.

કેટલાક જીવો માત્ર ક્ષણિક વૈરાગ્ય કરે છે. પરંતુ જેને શુભભાવની કર્તાપણાની રુચિ છે તેને આત્માની રુચિ છે નહીં. જેને ચૈતન્યનો મહિમા આવ્યો છે તેને તીર્થંકર ગોત્ર બંધાય તેની પણ મહિમા લાગે નહીં. અજ્ઞાની જીવો ક્ષણિક વૈરાગ્યથી એમ વિચારે કે સંસાર અનિત્ય છે, અશરણ છે પણ તેને ચૈતન્યની સમીપતા નથી; કેમ કે તેને ચૈતન્યનો મહિમા આવ્યો નથી. અંતરસ્વભાવના મહિમા સિવાય સંસારની મહિમા છૂટે નહીં.

માત્ર સંસાર અશરણ ને અનિત્ય છે તેમ માને પણ અંદર ચૈતન્ય ભગવાન અતીન્દ્રિય આનંદ ને પૂરણ શાંતિથી ભરેલો છે તેમ દ્રષ્ટિ કરતો નથી તેને ચૈતન્યની સમીપતા થતી નથી પરંતુ ચૈતન્યની મહિમાપૂર્વક વિભાવોનો મહિમા છૂટી જાય છે. અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ શુભાશુભ રાગથી વિરક્ત થઈ જાય છે. ચૈતન્યની સમીપતા ને શુભાશુભ રાગની વિરક્તી બન્ને એક સાથે થાય છે.

ચૈતન્યની અપૂર્વતા લાગવાથી પૂર્વે કદી જે શાંતિ ને આનંદનો અનુભવ થયો નથી એવા અતીન્દ્રિય આનંદના નમૂના આગળ દુનિયાનો કોઈ પણ સ્વાદ ઈન્દ્રના ઈન્દ્રાસન પણ સડેલા મીંદડા જેવો લાગે છે. ચૈતન્ય કોઈ અપૂર્વ ચીજ છે, તેની ઓળખાણ કરવી, તેનો મહિમા કરવો. ❄ ❄

## ❀ પુરુષાર્થની ઉગ્રતા હોય તો માર્ગ નીકળે જ ❀

વિચાર–મંથન બધું વિકલ્પરૂપ જ છે. તેનાથી જુદું વિકલ્પાતીત એક ટકતું જ્ઞાયક તત્ત્વ તે આત્મા છે. તેમાં ‘આ વિકલ્પ તોડું, આ વિકલ્પ તોડું, ’ તે પણ વિકલ્પ જ છે; તેનાથી પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ છે. તેનું અસ્તિપણું ખ્યાલમાં આવે, ‘હું જુદો, હું આ જ્ઞાયક જુદો’ એવું નિરંતર ઘૂંટણ રહે, તે પણ સારું છે. પુરુષાર્થની ઉગ્રતા અને તે જાતનો ઉપાડ હોય તો માર્ગ નીકળે જ. પહેલાં વિકલ્પ તૂટતો નથી પરંતુ પહેલાં પાકો નિર્ણય આવે છે. ૨૭૯.

[ ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

વિચાર, મંથન બધું વિકલ્પરૂપ જ છે. બીજી બધી ચીજ તો ક્યાંય રહી, આત્માના વિચાર, મંથન પણ વિકલ્પ છે. અસંખ્ય પ્રકારના વિકલ્પોથી ભિન્ન ભગવાન આત્મા છે બધા વિકલ્પોથી ભિન્ન વિકલ્પાતીત એક સ્થાયી જ્ઞાયકતત્ત્વ એ આત્મા છે. તેની સૂઝ વિના અનંતા નિગોદના ભવ કર્યા પ્રભુ!

વિકલ્પાતીત એક ટકતું સ્થિરબિંબ નિત્યાનંદ અચળ જ્ઞાયકતત્ત્વ તે આત્મા છે. નિયમસારની ૩૮મી ગાથામાં પણ કહ્યું કે નિશ્ચય ધ્રુવસ્વરૂપ એકરૂપ સ્થાયી નિત્ય અવિનાશી ચીજ તે આત્મા છે, પર્યાયમાત્ર તે નહીં. એક ત્રિકાળીને આત્મા કહ્યો. અહીં પણ એ કહ્યું છે કે વિકલ્પાતીત એક ટકતું જ્ઞાયકતત્ત્વ તે આત્મા છે, તેની દ્રષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે.

બીજાનું કાંઈ કરવું કે લેવું–દેવું તો છે જ નહીં પણ પોતામાં પોતાના વિચાર, મંથન ચાલે તે પણ વિકલ્પ છે. એ વિકલ્પ તોડી દઉં એ પણ વિકલ્પ છે. કેમ કે વિકલ્પ તોડું–એ તો પર્યાય ઉપર દ્રષ્ટિ ગઈ. પર્યાયમાં પર્યાયથી ધ્રુવનો નિર્ણય કરવાનો છે. વિકલ્પને તોડું એવા વિકલ્પની પણ પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ છે. તેનું અસ્તિપણું ખ્યાલમાં આવે કે રાગથી ને પર્યાયથી પણ ભિન્ન હું આ જ્ઞાયક છું–એવું નિરંતર ઘૂંટણ રહેવું જોઈએ.

અંતર તરફ સન્મુખ થઈને જ્ઞાયકનું રટણ રહે તે પણ સારું છે. અનંત અવિનાશી અવિચળ ગુણનો ખજાનો એવો હું જ્ઞાયક છું. એવું ઘૂંટણ રહે તે પણ સારું છે. આ રીતે પુરુષાર્થની ઉગ્રતા ને તે જાતનો ઉપાડ હોય તો માર્ગ નીકળે જ. પહેલાં વિકલ્પ તૂટતો નથી, પહેલાં પાકો નિર્ણય આવે છે. ❀ ❀ ❀ ❀

# શુદ્ધાત્મ-અવલોકન जाण अलिंगग्गहणम्

[ પ્રવચનસાર, ગાથા-૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

## ❀ પ્રવચન દશમું ❀

[ વીર સંવત ૨૫૦૪, માગશર સુદ ૬, શુક્રવાર, તા. ૧૬-૧૨-૭૭ ]

શ્રી પ્રવચનસાર શાસ્ત્રની ગાથા ૧૭૨માં અલિંગગ્રહણનો બોલ તેરમો ચાલ્યો. તેમાં એમ આવ્યું કે ઇન્દ્રિય ને મન દ્વારા ગ્રહણ એટલે કે જીવત્વનું ધારણ કરવું નથી એટલે કે વીર્ય ને લોહી એને અનુસરીને થનારો નથી. એનાથી શરીર ઉત્પન્ન થાય પણ એનાથી આત્મા ઉત્પન્ન થતો નથી. હવે ચૌદમો બોલ કહે છેઃ–

**લિંગનું એટલે કે મેહનાકારનું (-પુરુષાદિની ઇન્દ્રિયના આકારનું) ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા લૌકિકસાધનમાત્ર નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૧૪.**

લિંગનું એટલે કે મેહનાકારનું, પુરુષની ઇન્દ્રિય અને સ્ત્રીની ઇન્દ્રિય તેને આત્મા ગ્રહતો નથી કેમ કે એ તો જડની પર્યાયો છે. ઇન્દ્રિયો પરમાણુંઓનો જે આકાર છે તેને આત્માએ પકડી નથી કેમ કે ઇન્દ્રિયથી કામ લેતો નથી; પુરુષની ને સ્ત્રીની ઇન્દ્રિયમાં જે ગતિ થાય તે આત્માને કારણે નહિ. ઇન્દ્રિય પરમાણુઓનો પિંડ છે એને આત્મા ગ્રહતો નથી. ગ્રહતો નથી એટલે એનો ત્યાગ કરતો નથી. તે વખતે થતી ક્રિયાને આત્મા આત્માના સ્વભાવના અવલંબને જાણે છે.

એક પ્રશ્ન એમ આવ્યો છે કે પુસ્તક આપવા તે ત્યાગધર્મમાં–દશપ્રકારના ધર્મમાં આવે છે તે કઈ અપેક્ષાએ છે? સંતો પાસે પુસ્તકાદિ હોય તો બીજાને દે તો એ ત્યાગ છે. એનો અર્થ એ કે દઈ શકે છે કે નહિ એ પ્રશ્ન ત્યાં નથી. ફક્ત પાસે હતું, એના તરફ જરા વિકલ્પ હતો, એ વિકલ્પને ઘટાડે છે. એ પુસ્તકનો ત્યાગ કરે છે એમ કહેવું તે પણ નિમિત્તનાં કથન છે. પરદ્રવ્યને આપી શકતો નથી તો મુનિને વાંચવા માટે પુસ્તકની સગવડતા પણ આપી શકતો નથી, એ તો એને પુણ્યનો યોગ હોય તો મળે છે.

પુસ્તકને આપીને ત્યાગધર્મ કહ્યો એ અપેક્ષિત વાત કરી, એમાંથી કાંઈક રાગ

ઘટાડે છે એ અપેક્ષાએ કહ્યું, પણ રાગ ઘટાડીને રાગના ત્યાગનો કર્તા પણ આત્મા નથી. પરના ત્યાગ–ગ્રહણ તો આત્મામાં છે જ નહિ એ તો ત્યાગ–ઉપાદાનશૂન્યત્વશક્તિમાં આવ્યું. અહીં આવ્યું છે કે ઇન્દ્રિયનું ગ્રહણ જેને નથી, ઇન્દ્રિયને જેણે પકડી નથી તો ઇન્દ્રિયથી કામ લ્યે એ તો બને જ નહિ. વીતરાગસ્વરૂપ તો જુઓ! તું કોણ છો? તું તું તો જ્ઞાનસ્વરૂપી આત્મા છો! એ આત્મા પરમાણુંઓને ગ્રહે કઈ રીતે? એને ખેંચે કઈ રીતે? આહાહા! પ્રભુ! તારી સ્થિતિ તો જો! નજીકની ઇન્દ્રિયોને પણ પકડતો–ગ્રહતો નથી, એને કારણે એ ઇન્દ્રિય કામ કરે એમાં માને કે મારા કારણે આ કામ થાય છે એ મિથ્યાત્વભાવ છે.

ત્યાગધર્મમાં એમ આવ્યું છે કે એક મુનિ બીજાને પુસ્તક આપે તો એ ત્યાગધર્મ છે. તો એમાં પણ બે પ્રકાર છે. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં દશપ્રકારના ધર્મને શુભભાવમાં લીધો છે, ત્યાં વિકલ્પ ઉઠયો તેથી એમ ગણ્યું છે પણ એ છે તો ધર્મ. પણ અહીં તો કહે છે કે પરને–પુસ્તકને ગ્રહતો નથી, ઉપાડી શકતો નથી તેમ કોઈને આપી શકતો નથી. તો શાસ્ત્રમાં એમ કેમ આવ્યું? –તો કહે છે કે એક અપેક્ષાએ શુભભાવ છે તેથી એને વ્યવહારે ત્યાગ કહ્યો અને બીજી અપેક્ષાએ રાગની ઉત્પત્તિ જ જ્યાં સ્વભાવના આશ્રયે ન થઈ એને ત્યાગ કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ખરેખર તો રાગના ત્યાગનું કર્તાપણું પણ આત્મામાં નથી.

જ્યાં શક્તિઓનું વર્ણન કર્યું છે ત્યાં જીવત્વશક્તિના વર્ણનમાં છ યે બોલ આવી જાય છે, પહેલી છ શક્તિ તેમાં આવી જાય છે. પછી તો વિસ્તાર કર્યો છે. જીવત્વશક્તિમાં જ્ઞાન, દર્શન, આનંદ ને વીર્ય એનાથી તે જીવે છે, છતાં તેનો બીજો વિસ્તાર કરતાં ચિતિશક્તિ કહી. પહેલાંમાં આવી ગઈ છતાં ભિન્ન પાડીને બતાવ્યું, અને એમાંથી પણ ભેદ પાડીને દશિશક્તિ ને જ્ઞાનશક્તિ કહી. પહેલી જીવત્વ કહી, પછી ચિતિશક્તિ કહી, એમાં તો એ આવી ગઈ હતી. પછી એના ભેદ પડયા–દ્રષ્ટિ ને જ્ઞાન. હવે બે સુખ ને વીર્ય રહ્યા. તે પાંચમું સુખ ને છઠ્ઠું વીર્ય લીધા. રાગને ગ્રહવું કે મૂકવું તે તેની શક્તિમાં છે જ નહી.

આત્મા પિતા છે, એની પ્રજાનો ઉત્પાદક છે, પર્યાય તે પ્રજા છે ને એનો એ પિતા છે. કઈ પ્રજા? –કે નિર્મળ પર્યાય તે એની પ્રજા છે, વિકારની અહીં વાત નથી. એ શક્તિઓનું જે વર્ણન છે એમાં ને એમાં સર્વદર્શિ ને સર્વજ્ઞશક્તિ કાઢી. પહેલાંમાં તો આવી ગયું છે પણ પૂર્ણ સામર્થ્ય છે એવું ભિન્ન બતાવવા આ બે શક્તિઓ વર્ણવી છે. એમાંથી એક સ્વચ્છત્વ ને પ્રકાશ કાઢી. વિશેષ સ્પષ્ટ કરવા સ્વચ્છત્વ ને પ્રકાશ કહી. એનેય

પાછું અસંકોચવિકાસત્ત્વ કહ્યું, એ તો જ્ઞાન, ક્ષેત્ર, કાળ, ને સંકોચ-કોઈને આટલું જ જાણે એવું એમાં છે નહિ. આહાહા! શું એનો વિસ્તાર! શું ભગવાન આત્માની ગંભીરતા! એની પ્રજાને એની તરફ વાળને! પિતા છે દ્રવ્ય, એમાં આવી શક્તિઓનો ભંડાર છે.

અહીં કહે છે કે જ્યારે નજીકના પરમાણુઓ-આ ઇન્દ્રિયોના છે એને પણ આત્માએ પકડયા નથી અને તેનું ગ્રહણ કર્યું નથી તો તેને હલાવવી ને ચલાવવી તે ક્રિયા આત્માની નથી. આવી સંતોની વાણી છે. ભાઈ! તેં એમ માન્યું કે આ પુત્રને મેં જન્મ આપ્યો, આ વીર્ય મારું પડયું એટલે પુત્ર થયો, પણ વીર્ય તારું નથી, એ તો જડ પરમાણુ છે. અને જ્યારે જન્મે ત્યારે તુરત જોવે કે પુત્ર છે કે પુત્રી? જો દીકરો આવે તો એમ કહે કે પતિ ફાવ્યો ને દીકરી આવે તો કહે કે તું ફાવી. કહે છે કે કોને દીકરા-દીકરી છે? ક્યાં હતા? એ ઇન્દ્રિય જ તારી નથી ને ઇન્દ્રિયથી તે કામ લીધા જ નથી. એ વીર્ય તારે લઈને અંદર પડયું નથી, એ વીર્યના પરમાણુની પર્યાય સ્વતંત્ર છે તો એને લઈને મેં દીકરો ઉત્પન્ન કર્યો ને દીકરી ઉત્પન્ન કરી એ ક્યાંથી લાવ્યો? ભાઈ! ભગવાનની વાત જગતથી ન્યારી છે.

એક વખત એમ કહે કે રાગના ત્યાગનું કર્તાપણું નામ માત્ર છે ને બીજી વખત કહે કે મુનિરાજ પુસ્તક આપે તો તે ત્યાગધર્મ ગણાય. એ કઈ અપેક્ષાએ છે તે સમજવું જોઈએ. અહીં તો કહે છે કે ઇન્દ્રિય જ જ્યાં ગ્રહી નથી તો પુસ્તક ગ્રહ્યું જ નથી તો આપે ક્યાં? કોને આપે? ભગવાન તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે તે પરમાણુની ક્રિયાને શું કરે?

અહીં કહે છે કે લિંગનું એટલે મેહનાકારનું એટલે પુરુષાદિના ઇન્દ્રિયના આકારનું ગ્રહણ જેને-આત્માને નથી તે અલિંગગ્રહણ છે. દેહના, ઇન્દ્રિયોના ચિહ્નને જેણે ગ્રહ્યું નથી એથી તે લિંગ રહિત છે. ભાઈ! મારગડા એવા ઝીણા છે પ્રભુ! અત્યારે જગતને બેસવું કઠણ પડે છે. પ્રભુ! એકવાર સાંભળ! આવો મનુષ્ય દેહ મળ્યો છે! જ્ઞાયતે ઇતિ મનુષ્યઃ મનુષ્ય એને કહીએ કે જ્ઞાયકને જાણવાનું કામ કરે તેને મનુષ્ય કહીએ. આ ગોમ્મટસારમાં આવે છે. એ વસ્તુ જ પોતે આત્મા જ્ઞાયકસ્વરૂપ ભગવાન છે તો જ્ઞાયક એ જાણવાનું કામ કરે, એ સિવાય કોઈ કામ એના હાથમાં છે જ નહિ. આહાહા! અહીં તો આખો દિવસ વેપાર ને ધંધા એમાં જ મશ્ગુલ, આખો દિવસ આ કર્યું, આ દીધું ને આ લીધું-એ તો પદાર્થની સત્ય વ્યવસ્થાથી વિપરીત એની માન્યતા છે, પાખંડ માન્યતા છે. અરેરે! આ વાત સાંભળવા મળે નહિ, એને આ મનષ્યપણું

આવ્યું ન આવ્યા બરાબર છે, ઢોર–તિર્યંચ જેવો છે. શ્રી સમયસારમાં છેલ્લે ચૌદ બોલમાં એકાન્ત માનનારને પશુ કહ્યો છે. એ શરીરની ઇન્દ્રિયને હું હલાવી શકું છું એમ માનનાર પશુ જેવો મિથ્યાદ્રષ્ટિ છે. કેમ કે પશ્યતે ઇતિ, બધ્યતે ઇતિ પશુઃ। એને પશુ કેમ કહેવાય છે? –કે એ પોતે મિથ્યાત્વથી બંધાય છે, અભિપ્રાયમાં 'આ કરું છું' એમ બંધાય છે અને નવા દર્શનમોહનીય કર્મને પણ એ બાંધે છે. મોટો રાજા હોય કે અબજોપતિ શેઠિયો હોય તે પણ જો ઇન્દ્રિયથી કામ થાય તે મારાથી થાય છે, ઇન્દ્રિયને જેમ હલાવવા માગું તેમ હલાવી શકું છું એમ માને તો આચાર્યદેવ કહે છે કે તે પશુ છે. મિથ્યાત્વના તેને બંધન પડે છે તેની તેને ખબર નથી. આવી વાત છે, દુનિયામાં મળવી મુશ્કેલ છે.

આવું સાંભળીને કેટલાક લોકો કહે છે કે પરદ્રવ્યનું કાંઈ કરી શકાય નહિ એમ માનનાર એકાન્ત માન્યતાવાળા છે. પરદ્રવ્યથી બીજા દ્રવ્યમાં જરૂર કાંઈ થાય છે. અમારા સમકિત ને સુખ ઉપર કર્મનું આવરણ છે એમ પણ તેઓ કહે છે. અરે ભાઈ! ત્રિલોકનાથ પરમેશ્વર તારું સ્વરૂપ ભગવત્ સ્વરૂપ કહે છે; ને તું આ ભ્રમણમાં ક્યાં ગયો! ભગવાન ભ્રમણામાં ભૂલી ગયો. આહાહા! ભગવાન અમૃતચંદ્રાચાર્યે એક અલિંગગ્રહણમાંથી આવા અલૌકિક અર્થો કાઢયા છે. તેમનો ક્ષયોપશમ કેટલો ને એમની વીતરાગતા કેટલી!!

લિંગ એટલે શરીરની ઇન્દ્રિયાદિનો આકાર તેને જેણે ગ્રહ્યો નથી, ઇન્દ્રિયનો આકાર જેણે કર્યો નથી, જેને આ ગ્રહણ નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા લૌકિક સાધનમાત્ર નથી. એ તો લોકોત્તરસાધનવાળો છે. લૌકિકસાધનમાત્ર નથી એટલે બીજું સાધન છે. આત્મામાં આનંદ ને રાગથી ભિન્ન પાડીને આત્માનું કલ્યાણ કરે એવું સાધન એનામાં છે. લૌકિકસાધનમાત્ર જરીયે નથી એમ ત્યાં કહેવું છે.

આ પ્રવચનસાર છે. સર્વજ્ઞ પરમાત્મા, ત્રિલોકનાથ, જિનેન્દ્રદેવ તીર્થંકર જેમની ૐધ્વનિ છૂટે છે એ દિવ્યધ્વનિ કહો કે પ્રવચનસાર કહો. પ્ર+વચન, ઉગ્ર વચનનો અંદરનો દિવ્યધ્વનિનો સાર. એક પણ સત્ય છે એને સત્ય રીતે સમજે તો એક સત્યના સમજવામાં બધા ભાવો આવી જાય છે. એક ભાવ સમજે તો બધા ભાવ સમજાઈ જાય એવુ શ્રી જયસેનાચાર્યદેવની ટીકામાં આવે છે.

લૌકિકસાધનમાત્ર નથી, ઇન્દ્રિય વડે ભોગ લેવો, ઇન્દ્રિય વડે પુત્રનો પ્રસવ કરાવવો એવો આત્મા લૌકિકસાધનમાત્ર નથી. એ તો જડનાં સાધન છે. નજીકમાં એકક્ષેત્રે રહેલ શરીર અને પરમાણુથી બનેલ ઇન્દ્રિય એને પણ આત્મા કરી શકે નહિ કેમ કે એ તો જડ છે. પણ આ બધા બીજાનાં કામ કરી દઈએ એવી ભ્રમણામાં ભગવાન ભૂલી ગયો છે.

લૌકિક–સાધનમાત્ર નથી એવા અર્થની અલિંગગ્રહણમાંથી પ્રાપ્તિ થાય છે–એમ આચાર્યદેવ કહે છે. અલિંગગ્રહણના છ અક્ષરમાંથી આવો એક અર્થ નીકળે છે.

લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો–લોકવ્યાપ્તિવાળો નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૧૫.

લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે એટલે કે ઇન્દ્રિયનો આકાર નહિ પણ બીજા આકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી. લોકમાં વ્યાપક થઈ જાય એવો આત્મા નથી. હા, એનામાં એક વિભુ નામનો ગુણ છે તેથી પોતે પોતાના અનંત ગુણમાં વ્યાપે છે પણ લોકવ્યાપક થાય તો તે આત્મા–એમ નથી. એને એક ન્યાયે લોકવ્યાપક કહ્યો છે, સર્વગત કહ્યો છે. એક બાજુ શ્રી પંચાધ્યાયીમાં કહ્યું છે કે સર્વગત માને તે નયાભાસ છે અને શ્રી પ્રવચનસારમાં કહ્યું છે કે સર્વગત છે. તો તે કઈ અપેક્ષાએ ?–કે તે બધાને જાણવાનું કામ પોતાના ક્ષેત્રમાં રહીને કરે છે એ અપેક્ષાએ તેને સર્વવ્યાપક કહેવામાં આવે છે, પણ આત્મા પવિત્ર થઈ ગયો એટલે લોકમાં વ્યાપી ગયો–એમ નથી. વેદાંતની સામે આ દલીલ છે. વેદાંત એમ કહે છે ને કે આત્મા સર્વવ્યાપક છે, તે તદ્દન પાખંડ છે. અનંત આત્માઓ અનંત શક્તિસંપન્ન ભિન્ન ભિન્ન છે, એમાં એક જ આત્મા વ્યાપક છે એમ માનનારને અહીં પાખંડી–અજ્ઞાની કહે છે. આમાં દ્વેષ નથી. વસ્તુની સ્થિતિનું વર્ણન છે.

અમેહનાકાર વડે ગ્રહણ એટલે લોકમાં વ્યાપવું. સર્વગત શક્તિની અપેક્ષાએ બધાને જાણે એ અપેક્ષાએ સર્વવ્યાપક પોતામાં છે એમ કહેવાય, કારણકે વિભુ નામનો એનો ગુણ છે તે અનંતગુણોમાં વિભુશક્તિને લઈને જ્ઞાન સર્વમાં વ્યાપ્યું છે એટલે પોતાના અનંતગુણોમાં, પોતાના અસંખ્ય પ્રદેશમાં–ક્ષેત્રમાં વ્યાપ્યું છે એ તો એનું વાસ્તવિક સ્વરૂપ છે. લોક પ્રમાણે એના અસંખ્ય પ્રદેશ છે અને કેવળજ્ઞાન થતાં લોકાલોકને જાણતું જ્ઞાન પોતામાં વ્યાપે છે પણ વ્યાપક થઈને લોકમાં પ્રસરી જાય છે –એવું એનું સ્વરૂપ જ નથી. વેદાંતવાળા એમ કહે છે કે એક જ આત્મા સર્વવ્યાપક છે, પણ તેને વસ્તુની સ્થિતિની કાંઈ ખબર નથી. એક આત્મા છે, એક આત્મા છે એમ કહ્યા કરે પણ એક આત્મા અને એકનો નિર્ણય કરનારી પર્યાય–એમ દ્રવ્ય ને પર્યાય બે થઈ ગયા.

પહેલાંના બોલમાં એમ આવ્યું કે જડ ઇન્દ્રિયને પકડી શક્તો નથી તો પછી

ભગવાનની પૂજા કરે ત્યારે ચોખા મૂકે, ને કહે સ્વાહા.... એ શું? –તો કહે છે કે એ આત્મા કરી શકતો જ નથી. ભગવાનને મેં નૈવેદ્ય ચડાવ્યો, પાણીની ધારાથી અભિષેક કર્યો–એમ અંદર રાજી રાજી થઈ જાય પણ ભાઈ! પાણીની ધારાનું વહેવું તારા આત્માથી થાય જ નહિ–કેમ કે એ પરપદાર્થને ગ્રહ્યો નથી તો એને ચડાવે ને છોડે એ ક્યાંથી આવ્યું? આત્માએ મંદિર બનાવ્યું ને ભગવાનને પધરાવ્યા તે વાત જ ખોટી છે. એ તો એને કારણે ત્યાં આવવું થયું છે. "અમે મંદિર બનાવ્યા, અમે આરસમાં અક્ષરો લખાવ્યા" એમ કહે છે તો ત્યાં શું પરવસ્તુમાં આત્મા પેઠો છે? એ પરમાણુઓ એના કાળે સ્વયં એ રીતે ત્યાં પરિણમ્યા છે, એનો આત્મા જાણનાર છે. આવી વસ્તુની સ્થિતિ છે.

આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો નથી. મુનિરાજ દિગંબર સંત છે ને વીતરાગભાવે બિરાજે છે. એ સત્યને બહાર મૂકતાં આ વાત કરે છે. આ કહેવાની વાણી મારી નથી, હું કહેતો નથી, ટીકા મેં કરી નથી ને ટીકા મેં બનાવી નથી. ટીકાના અક્ષરોને લખવા તે આત્મા કરી શકતો નથી. અક્ષરો એ તો પરમાણુની પર્યાય છે, પરમાણુને આત્મા બનાવે–રચે? મોતી જેવા અક્ષર એ જડના કારણે થાય છે. આત્મા અક્ષર લખી શકે છે એ ત્રણ કાળમાં ત્રણ લોકમાં બને નહિ.

કોઈ કહે કે આવું તો બાવો બને તો સમજાય, તેને કહે છે કે બાવો જ છો, રજકણ કયારે તારા થયા છે? રજકણ ને કર્મ તારામાં નથી, તારા નથી, તારે લઈને નથી, સ્ત્રી અને પુત્ર રહિત તારો આત્મા છે. શરીરની ક્રિયા પણ જડને કારણે થાય છે. રાગ કરું તો ક્રિયા થાય છે ને? –તો કહે છે કે ના, રાગ શરીરને અડતોય નથી. શરીરની દશા આત્માને, રાગને અડતી નથી. આવી જુદી વાત ભગવાનની છે ભાઈ! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરને ઘેર આવી વાત છે, બીજે ક્યાંય છે નહિ. કોઈ કહે કે અમે વીતરાગ ભગવાનને માનનારા છીએ, પણ ભગવાન કહે છે તેનું માનતો નથી તો ભગવાનને માનનારો ક્યાંથી થયો?

આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ આકારવાળો નથી. મુનિરાજ વીતરાગી સંત આનંદ ને વીતરાગપર્યાયમાં બિરાજેલા છે, વિકલ્પ ઉઠયો છે તેના એ જાણનારા છે અને ટીકા થાય છે તેને તે સમયે તે જ જાણવાની પર્યાયનું તેવું જ કાર્ય હતું તેને જાણવું એવી પોતાની પર્યાયનો કાળ એવો હતો. જે ટીકા રચાઈ છે તેને જાણે એ પણ પોતાની પર્યાયનો કાળ જ એવો હતો કે તે સ્વને ને પરને જાણવાની પર્યાય એવડી જ હતી. અહીં કહે છે કે આત્મા સર્વવ્યાપક, લોકમાં અખંડ વ્યાપક છે, એક જ આત્મા છે એ પાખંડીઓને પ્રસિદ્ધ છે, ધર્મીને એ પ્રસિદ્ધ છે નહિ. શ્રી સમયસાર શાસ્ત્રની ટીકાનું નામ આત્મખ્યાતિ છે, આ શ્રી પ્રવચનશાસ્ત્રની ટીકાનું નામ તત્ત્વદીપિકા છે. તત્ત્વને દીવડો આમ બતાવે

છે કે આ તત્ત્વ આવું આમ છે. અહો! આત્માનું જ્ઞાન કરવું તે મહા અપૂર્વ વાત છે, અનંત કાળમાં કર્યું નથી. બાકી તો બધાં શાસ્ત્રજ્ઞાનેય કર્યાં ને લૌકિક જ્ઞાનેય કર્યાં. અમે ભણ્યા, અમે જાણ્યું–એમ કરી કરીને મરી ગયો.

અહીંની કેટલીક નિશ્ચયની વાતો સાંભળીને કેટલાક કહે છે કે એ તો વેદાંત જેવી વાત એમની છે, પણ એમ છે નહિ. અહીં કહે છે કે મેહનાકાર જેમ ઇન્દ્રિયને ગ્રહતો નથી તો પછી એ સર્વવ્યાપક અમેહનાકાર છે કે નહિ? એની સામે મૂક્યું છે કે જ્યારે ઇન્દ્રિયના પરમાણુને પણ ગ્રહતો નથી, પકડતો નથી, તેનાથી કામ લઈ શકતો નથી તો પછી અમેહનાકાર–સર્વવ્યાપક થયો, ઇન્દ્રિયના આકારમાં એ રહેલો નથી તો અમેહનાકાર છે–એમ નથી. જુઓને! આચાર્યભગવાને ક્યાંથી આ કાઢયું! નજીકમાં ઇન્દ્રિય છે ત્યાં એને ગ્રહતો નથી તો એટલામાં એ નથી એમ એનો અર્થ થયો માટે આત્મા આખા લોકમાં વ્યાપક છે? –ઓ કહે છે કે પાખંડીઓને તે વાત માન્ય છે. જિનેશ્વરદેવ સર્વજ્ઞપરમાત્મા એની વાણીમાં તો એક આત્મા પૂર્ણાનંદ ને સર્વવ્યાપક છે –એમ કહે છે. સર્વવ્યાપક એટલે પોતાના જ્ઞાન–દર્શનમાં વ્યાપક છે. એવા અનંત આત્માઓ ભગવત્ સ્વરૂપે પોતાના દ્રવ્ય–ગુણમાં પોતાના વ્યાપકપણાની દશમાં બિરાજે છે. આહાહા! ભગવાન અહીં આટલા ક્ષેત્રમાં છે ને એનું જ્ઞાન અનંત... અનંત... અનંત... અનંત જેના ક્ષેત્રનો અંત નહિ તેવા અનંત ને અનંત તરીકે જાણે અને અનંતને અનંત તરીકે જાણતાં ત્યાં એ અનંતનો અંત આવી ગયો–એમ નથી.

આત્મામાં અનંત ધર્મો–શક્તિ–ગુણો છે, એમાં દરેક ગુણ પોતે અનંત ગુણમાં વ્યાપેલો છે; એક ગુણ બીજા ગુણમાં જતો નથી પણ એક ગુણમાં અનંતગુણનું રૂપ છે એ અપેક્ષાએ દરેક ગુણ સર્વવ્યાપક છે, પણ એના પોતાના સ્વક્ષેત્રમાં રહીને સર્વવ્યાપક છે, આમ લોકમાં પહોળો થાય તો સર્વવ્યાપક છે એમ નથી.

પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો લોકવ્યાપ્તિપણે નથી, લોકપણે વ્યાપે તેવા આકારવાળો નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. અલિંગગ્રહણમાં આવો અર્થ નીકળે છે, ભાવ આવો નીકળે છે. વેદાંતીઓ દાખલો આપે છે કે દીવો છે, એને ઢાંકણું હોય ત્યાં સુધી પ્રકાશ એટલામાં જ રહે પણ જ્યાં ઢાંકણું કાઢી નાખો એટલે પ્રકાશ સર્વવ્યાપક થઈ જાય છે; એમ આત્માને શરીરાદિ હોય ત્યાંસુધી એટલામાં રહે પણ તે શરીરાદિ છૂટી જાય ત્યારે સર્વવ્યાપક થઈ જાય છે, એવા ઘણા ઘણા દાખલાઓ તેઓ મૂકે છે પણ તેઓને અહીં અજ્ઞાની–પાખંડી કહેવામાં આવે છે. ભગવાન આત્મા ક્ષેત્ર તરીકે સર્વવ્યાપક છે નહિ. વિશેષ અવસરે કહેવાશે.

(ક્રમશઃ)




* જુઓને ક્ષણમાં દેહ છૂટી જાય છે ને બધું બદલી જાય. આહાહા! વૈરાગ્ય.... વૈરાગ્ય.... વૈરાગ્ય આખી દુનિયા પ્રત્યે વૈરાગ્ય વિકલ્પથી માંડીને આખી દુનિયા પ્રત્યે વૈરાગ્ય, પ્રભુ! તારે પરદ્રવ્યની સાથે સંબંધ શું છે? તારે ધ્યાન ક્યાં રાખવું છે? અંદર તારું ધ્યાન રાખવું છે કે તારાથી ભિન્ન તારાથી કાંઈ થઈ શકે નહિ એવા તારા શરીરનું ધ્યાન રાખવું છે? પુણ્ય-પાપના ભાવથી પણ વિરક્ત થાય તેને વૈરાગ્ય કહે છે.

**પ્રશ્નઃ**- ભૂતકાળના દુઃખોને યાદ શું કામ કરવા?

**ઉત્તરઃ**- એવા દુઃખો ફરી ન આવે એ માટે યાદ કરી વૈરાગ્ય કરે છે. મુનિરાજ પણ ભૂતકાળના દુઃખોને યાદ કરીને કહે છે કે હું ભૂતકાળના દુઃખોને યાદ કરું છું ત્યાં કાળજામાં ઘા વાગે છે. જુઓ! સમ્યગ્દ્રષ્ટિ મુનિ છે, આનંદનું પ્રચૂર વેદન છે, છતાં ભૂતકાળના દુઃખોને યાદ કરી એવા દુઃખો ફરીને ન આવે એ માટે વૈરાગ્ય વધારે છે.

* નિગોદમાં કેટલાક જીવો એવા છે કે હજુ કોઈ દિવસ બહાર નિકળ્યા જ નથી અને કદી બહાર નિકળશે જ નહિ, અનાદિ અનંત નિગોદમાં જ રહેશે. આહાહા! એ જીવોની યોગ્યતા કેવી? કે સદાય નિગોદમાં જ રહેશે. અહા! જૈનદર્શનની કોઈ પણ વાત લ્યો, કાં તો જ્ઞાન ઉપજાવે અને કાં તો વૈરાગ્ય ઉપજાવે.

* કોઈ જીવ વનકેલી કરવા જંગલમાં જાય ને વૈરાગ્ય થઈ જાય, કપડાં ઉતારી મુનિ થઈ જાય ને ધ્યાનમાં બેસે ને કેવળજ્ઞાન પામી જાય. આહાહા! અંદરમાં પોતે પ્રભુ શક્તિથી ભરેલો છે ને! ક્ષણમાં કેવળજ્ઞાન લેવાની એની તાકાત છે. કોઈને પાણીમાં ડુબાડે ને કેવળ લ્યે, કોઈને ઘાણીમાં પીલે ને કેવળ લ્યે, કોઈને પર્વત ઉપર પછાડે ને કેવળ લ્યે. અંદર પ્રભુત્વ આદિ શક્તિના સ્વભાવમાં ઉપયોગ એકાગ્ર થયો તે બાહ્ય પ્રતિકૂળતાને દેખતો નથી.

**પ્રશ્નઃ**- આત્માના જુદા જુદા ગુણો ખ્યાલમાં આવે છે પણ અભેદ ખ્યાલમાં કેમ નથી આવતો ?

**ઉત્તરઃ**- પોતે ખ્યાલમાં લેતો નથી એટલે આવતો નથી. અભેદને ખ્યાલમાં લેવો એ તો છેલ્લામાં છેલ્લી સ્થિતિ છે. નિર્વિકલ્પ થાય ત્યારે અભેદ આત્મા ખ્યાલમાં આવે છે.

**પ્રશ્નઃ**- એ ખ્યાલમાં લેવો કઠણ પડે છે ?

**ઉત્તરઃ**- ધી..... રે...... ધી...... રે પ્રયત્ન કરવો. મૂંઝાવા જેવું નથી. અનુભવમાં આવી શકે એવો છે માટે ધી..... રે..... ધી....... રે પ્રયાસ કરવો, મૂંઝાવું નહિ, થઈ શકે એવું છે. આવા કાળે આવી ઊંચી વાત સાંભળવા મળી છે એ ઓછું છે !

**પ્રશ્નઃ**- જ્ઞાનીના શુભ રાગને વ્યવહારથી અમૃતકુંભ કહે છે તો અજ્ઞાનીના શુભ રાગને પણ વ્યવહારથી અમૃતકુંભ કહેવામાં શું વાંધો છે ? કેમ કે જ્ઞાની હો કે અજ્ઞાની હો પણ શુભરાગ એ તો શુભ રાગ જ છે ને ?

**ઉત્તરઃ**- જ્ઞાનીને શુદ્ધ સ્વભાવની દ્રષ્ટિ જ્ઞાન આદિ થયા છે. તેને દ્રવ્ય પ્રતિક્રમણાદિ છે. તે સર્વ અપરાધરૂપી દોષોને ઘટાડવામાં સમર્થ હોવાથી અમૃતકુંભ સમાન છે તેમ વ્યવહારથી કહેવામાં આવે છે, કેમ કે ધર્મીને શુદ્ધ સ્વભાવની દ્રષ્ટિ જ્ઞાન આદિ છે તેને પ્રતિક્રમણાદિ શુભભાવથી અશુભ ભાવ ઘટે છે તેથી તેના શુભ રાગને વ્યવહારથી અમૃતકુંભ કહ્યું છે, પણ જેને અપ્રતિક્રમણ–પ્રતિક્રમણથી વિલક્ષણ એવા અપ્રતિક્રમણરૂપ શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન થયા નથી તેને તો વ્યવહાર પ્રતિક્રમણાદિ વિષકુંભ જ છે. જેને શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન થયા નથી તેના દ્રવ્ય પ્રતિક્રમણાદિ છે તે દોષ ઘટાડવામાં બીલકુલ સમર્થ નથી તેથી તેમને તો તે પ્રતિક્રમણાદિ વિષકુંભ જ છે. જ્ઞાનીને નિશ્ચય દ્રષ્ટિ હોય છે તેથી તેનો શુભ વ્યવહાર છે તે દોષ ઘટાડવાનું કારણ કહેવામાં આવે છે, કેમ કે નિશ્ચય સહિતનો વ્યવહાર છે તે અશુભના દોષને ઘટાડે છે. પણ જેને નિશ્ચય નથી તેને વ્યવહાર જ નથી તેને મિથ્યાત્વ છે તે જ અશુભ છે તેથી તેને દોષ ઘટતો નથી. સમ્યગ્દ્રષ્ટિને નિશ્ચયનું જોર છે તેથી તેને મિથ્યાત્વ તો નથી જ અને તેનો વ્યવહાર શુભ છે તેનાથી અંશે અશુભ ઘટે છે તેથી વ્યવહારથી તેને અમૃતરૂપ કહ્યાં છે. ખરેખર તો સમ્યગ્દ્રષ્ટિનો શુભરાગ એ પણ ઝેરરૂપ છે પણ તેમાં અમૃતરૂપ ભાવનો આરોપ કરીને શુભરાગને અમૃતરૂપ વ્યવહારથી કહ્યો છે. મિથ્યાદ્રષ્ટિનો શુભરાગ તો એકલો ઝેરરૂપ જ હોવાથી તેમાં અમૃતકુંભનો આરોપ પણ આપી શકતો નથી.

**પ્રશ્નઃ**- અંતરદ્રષ્ટિ કરવાનો ઉપાય શું ?

**ઉત્તરઃ**- અંતરદ્રષ્ટિ કરવાનો ઉપાય સ્વસન્મુખ થઈને અંતરમાં દ્રષ્ટિ કરવી એ જ છે.

સીધો અંતર્મુખ થઈને વસ્તુને પકડે એ ઉપાય છે, પછી ઢીલાને વ્યવહારથી અનેક વાતો કહેવાય. સવિકલ્પ ભેદજ્ઞાનથી નિર્વિકલ્પ ભેદજ્ઞાન થાય એમ કથન આવે.

**પ્રશ્નઃ**- સવિકલ્પ ભેદજ્ઞાનથી નિર્વિકલ્પ ભેદજ્ઞાન થાય તો ખરું ને ?

**ઉત્તરઃ**- સવિકલ્પ ભેદજ્ઞાનથી નિર્વિકલ્પ ભેદજ્ઞાન થાય નહિ પણ વ્યવહારથી કથનમાં આવે.

**પ્રશ્નઃ**- અંતરદ્રષ્ટિ કરવામાં કળનું કામ છે કે બળનું ?

**ઉત્તરઃ**- અંતરદ્રષ્ટિ કરવામાં પુરુષાર્થનું કામ છે. સ્વ–સન્મુખના પુરુષાર્થથી થાય છે.

* વાદીરાજ મુનિ કહે છે કે અરે ! ભૂતકાળના દુઃખોનું સ્મરણ કરતાં અંદરમાં ઘા વાગે છે. શ્રેણિક મહારાજ અત્યારે પહેલી નરકમાં છે ત્યાં ત્રણ કષાય છે એટલું દુઃખ છે. સંયોગનું દુઃખ નથી. કષાય છે તેનું દુઃખ છે.

**પ્રશ્નઃ**- સમ્યગ્દર્શન સહિત નરકવાસને પણ ભલો કહ્યો છે ને ? નરકમાં સમ્યગ્દ્રષ્ટિને આનંદની ગટાગટી છે ને ?

**ઉત્તરઃ**- એ તો સમ્યગ્દર્શનની અપેક્ષાએ કહ્યું છે પણ ત્યાં જેટલો કષાય છે એટલુ દુઃખ છે. ત્રણ કષાય છે એટલું દુઃખ છે. મુનિને ઘાણીમાં પીલે, સળગાવે છતાં ત્રણ કષાય નથી એથી એને આનંદ હોય છે.

* શ્રી સમયસારમાં શક્તિઓનું વર્ણન કરવાનો હેતું એ છે કે બહારમાં તારા જ્ઞાન આનંદ સુખ શાંતિ નથી. અંદરમાં તારી શક્તિઓના નિધાન ભર્યા પડયા છે ત્યાં દ્રષ્ટિ કર અને બહારથી દ્રષ્ટિ ઉઠાવી લે ! અંદરમાં જ્ઞાન દર્શન આનંદ સુખ વીર્ય પ્રભુતા આદિ શક્તિઓથી જીવવું એ ધર્મી જીવનું જીવન છે. બહારના દેહાદિથી જીવવું એ ધર્મી જીવનુ જીવન નથી. અંદરમાં અનંત શક્તિઓનો ભંડાર ભગવાન સહજાનંદની મૂર્તિ પડયો છે એના દ્રષ્ટિ–વિશ્વાસે જીવવું એ ખરું જીવન છે.

* સમ્યગ્દ્રષ્ટિની દ્રષ્ટિ સદાય શુદ્ધાત્મ દ્રવ્ય ઉપર જ રહે છે તોપણ જાણે છે બધાને, શુદ્ધ અશુદ્ધ પર્યાયના સાધક બાધકપણાનો વિવેક વર્તે છે, સુખ–દુઃખનું વેદન વર્તે છે, સાધક દશામાં તેને યોગ્ય અનેક પરિણામ વર્તે છે. પરંતુ “હું પરિપૂર્ણ છું” એવું બળ તો સતત સાથે ને સાથે જ હોય છે. પુરુષાર્થરૂપ ક્રિયા પર્યાયમાં થાય છે તેને સાધક જાણે છે, પણ દ્રષ્ટિના વિષયભૂત નિષ્ક્રિય દ્રવ્ય તો અધિક ને અધિક જ રહે છે. એવી સાધક પરિણતિની અટપટી રીતને જ્ઞાની બરાબર જાણે છે. એ અટપટી રીત અજ્ઞાનીને જાણવી કઠણ છે.

**પ્રશ્નઃ**- સાંભળીને સંસ્કાર દ્રઢ કરવા તે આગળ વધવાનું કારણ છે ?

**ઉત્તરઃ**- હા, અંદરમાં સંસ્કાર દ્રઢ નાખે તો તો આગળ વધે છે.

**પ્રશ્નઃ**- શ્રવણમાં પ્રેમ હોય તો મિથ્યાત્વ મંદ પડે?

**ઉત્તરઃ**- મિથ્યાત્વ ને અનંતાનુબંધી અનંતવાર મંદ પડયા પણ એ સમ્યગ્દર્શનનું કારણ નથી. મૂળ દર્શન શુદ્ધિ ઉપર જોર હોવું જોઈએ.

* ભાઈ! તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર કે જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે, તારી મતિ સવળી થઈને આત્મામાં પરિણમિ જશે. સત્‌ના સંસ્કાર ઊડા નાખ્યા હશે ને આ ભવમાં કાર્ય ન થયું તો બીજી ગતિમાં સત્‌ પ્રગટશે. સાતમી નરકના નારકીને વેદનાનો પાર નથી પણ અંદરમાંથી પૂર્વ સંસ્કાર જાગૃત થતાં સમ્યગ્દર્શન પામી જાય છે. માટે સત્‌ના ઊંડા સંસ્કાર અંતરમાં રેડ, ભાઈ ઊંડાણથી સત્‌ના સંસ્કાર નાખ! ઉપર ઉપરથી તો સંસ્કાર અનેકવાર નાખ્યા પણ ઊંડાણથી એકવાર યથાર્થ સંસ્કાર નાખ તો બીજી ગતિમાં પણ સમ્યગ્દર્શન પ્રગટ થશે.

**પ્રશ્નઃ**- એક પર્યાય બીજી પર્યાયને અડતી તો નથી તો પૂર્વના સંસ્કાર બીજી પર્યાયમાં કામ કેમ કરે?

**ઉત્તરઃ**- એક પર્યાય બીજી પર્યાયને અડતી નથી એ વાત તો એમ જ છે પણ વર્તમાન પર્યાયમાં એવા જોરદાર સંસ્કાર નાખ્યા હશે તો એનું જોર બીજી પર્યાયમાં પ્રગટે એવી જ તે ઉત્પાદ પર્યાયની સ્વતંત્ર યોગ્યતા હોય છે, ઉત્પાદ પર્યાયના સામર્થ્યથી સ્મરણમાં આવે છે.

* ભાઈ! તું પંચમ કાળે ભરતક્ષેત્ર ને ગરીબ ઘરે જન્મ્યો છો એથી અમારે આજીવિકા આદિનું શુ કરવું એમ ન જો! તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો, જે ક્ષેત્રે ને જે કાળે જ્યારે જો ત્યારે તું સિદ્ધ સમાન જ છો. મુનિરાજને ખબર નહિ હોય કે બધા જીવો સંસારી છે? ભાઈ! સંસારી અને સિદ્ધ એ તો પર્યાયની અપેક્ષાથી છે, સ્વભાવે તો એ સંસારી જીવો પણ સિદ્ધ સમાન શુદ્ધ જ છે.

**પ્રશ્નઃ**- સંસાર દશા તે દુઃખરૂપ છે અને મોક્ષદશા તે સુખરૂપ છે છતાં એ બંનેમાં તફાવત નથી તેમ કેમ કહ્યું છે?

**ઉત્તરઃ**- સંસાર અને મોક્ષ બંને એક સમયની પર્યાય છે ને બંને પર્યાયમાં ત્રિકાળી વસ્તુની અપેક્ષાએ તફાવત નથી. આ બહુ આકરી વાત છે. ક્ષાયિક આદિ ચાર ભાવોને પરદ્રવ્ય, પરભાવ કહીને હેય કહ્યાં છે. વ્યવહારના પક્ષવાળાને સાંભળવું મુશ્કેલ પડે એવી વાત છે. સંસાર અને મોક્ષ તે બંને પર્યાયો છે ખરી પણ તે આશ્રય કરવા યોગ્ય નથી. આશ્રય કરવા યોગ્ય તો એક ત્રિકાળી દ્રવ્ય જ છે. નિયમસાર ગાથા ૫૦માં બહુ આકરી વાત કરી છે. આચાર્યદેવે પોતાના માટે એ શાસ્ત્ર બનાવેલ છે, તેમાં કેવળજ્ઞાન

આદિ ક્ષાયિકભાવને પરભાવ, પરદ્રવ્ય કહીને હેય કહ્યું છે. આ પરમાત્માના ઘરની વાતો છે, પરમ સત્ય છે. અંદરથી સમજવાની ધગશ લાગે તેને ન સમજાય તેમ ન બને, સમજાય જ.

**પ્રશ્ન**:- એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી તો દૂધના તપેલામાં એક ટીપું ઝેર પડતાં બધું દૂધ ઝેર રૂપ થઈ જાય છે તેનું કારણ કોણ ?

**ઉત્તર**:- દરેક પરમાણુ પોતાના કારણ–કાર્ય છે. દૂધના પરમાણુ ઝેરરૂપે પોતાથી પરિણમે છે બીજા ઝેરના રજકણથી નહિ. આહાહા ! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ. આ વાત વીતરાગની માને કોણ ?

**પ્રશ્ન**:- સમ્યગ્દ્રષ્ટિ પરદ્રવ્યથી ભિન્ન અને રાગને દુઃખરૂપ જાણે છે છતાં તેને લગ્ન, વેપાર, લડાઈ આદિનો તીવ્ર રાગ કેમ થાય છે ?

**ઉત્તર**:- સમ્યગ્દર્શન હોવા છતાં હજુ અસ્થિરતાનો રાગ છે. પરદ્રવ્યની ક્રિયા તો પરદ્રવ્યના કારણે થાય છે, રાગ અશુભ આવે છે પણ તીવ્ર અનંતાનુબંધીનો રાગ ન થાય, અંદર શુભાશુભ રાગથી વિરક્ત છે.

**પ્રશ્ન**:- સમ્યગ્દ્રષ્ટિને અશુભ રાગમાં આયુષ્ય બંધાય ?

**ઉત્તર**:- સમ્યગ્દ્રષ્ટિને અશુભરાગ આવે છે પણ અશુભરાગ કાળે આયુષ્ય બંધ ન થાય, કેમકે સમ્યગ્દ્રષ્ટિને વૈમાનિક દેવમાં જવાનું છે તેથી શુભ રાગમાં જ આયુષ્ય બંધાય.

* અહો ! ભવ ભ્રમણ કેટલા દુઃખોથી ભરેલ છે એનો ગંભીરતાથી વિચાર તો કર ! નરકના એક ક્ષણના દુઃખ અસહ્ય લાગે છે તો ત્યાં સાગરોપમ કાળનું આયુષ્ય કેમ કાઢયું હશે ? અરે ! નરકના દુઃખો સાંભળ્યા જાય એમ નથી. અરે ! પગમાં કાંટો લાગતાં પણ સહ્યું જતું નથી તો જેના ગર્ભમાં અનંતાનંત દુઃખો ભર્યા છે એવા મિથ્યાત્વભાવને છોડવાનો પ્રયત્ન તું કેમ કરતો નથી ? ને ગફલતમાં કેમ રહે છો ? અરે ! વાદીરાજ મુનિ તો કહે છે કે હું ભૂતકાળના દુઃખોનું સ્મરણ કરું છું ત્યાં કાળજામાં ઘા વાગે છે. એ તો મુનિ છે ને આનંદના પ્રચૂર સ્વસંવેદનમાં પડયા છે. એક જરી સંજ્વલનો કષાય છે છતાં તેઓ આમ કહે છે. તો ભાઈ ! મિથ્યાત્વના દુઃખો કેમ સહ્યા જાય ! એનો ગંભીરતાથી વિચાર તો કર ! આવો યોગ ફરીને ક્યારે મળશે ! ભાઈ ! મિથ્યાત્વને છોડવા મરીને પણ પ્રયત્ન કર ! શાતા–અશાતાના સંયોગોથી ભિન્ન અને આકુળતામય શુભાશુભ ભાવોથી પણ ભિન્ન–પૂજા–ભક્તિ–દયા–દાન આદિ બધા શુભ ભાવો પણ આકુળતામય છે તેનાથી ભિન્ન નિરાકુલતામય જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર ! આ જ આ ભવમાં કરવા યોગ્ય કાર્ય છે.

**પ્રશ્ન**:- પ્રવચનસારમાં શુભ–અશુભમાં ભેદ માને તેને મિથ્યાદ્રષ્ટિ કહ્યો છે અને બીજે શુભને છાંયા સમાન અને અશુભને તડકા સમાન કહ્યો છે ?

**ઉત્તરઃ**- શુભ–અશુભને છાંયા તડકા સમાન કહ્યું છે એ તો જ્ઞાનીની વાત છે. જ્ઞાનીને પાંચમાં ગુણસ્થાને શાંતિ વધી છે, તેના શુભરાગને વ્યવહારે છાંયારૂપ ગણેલ છે. જ્ઞાનીના શુભરાગને પરંપરા મોક્ષનું કારણ પણ શાસ્ત્રમાં કહ્યું છે પણ એ તો દ્રષ્ટિ સમ્યક્ થઈ છે અને અશુભ ટળ્‌યો છે તેને વ્યવહારથી પરંપરા કારણ કહ્યું છે, પણ અજ્ઞાનીના શુભ રાગને છાંયા સમાન કે પરંપરા મોક્ષનું કારણ કહેવાતું નથી. અજ્ઞાની દ્રવ્યલિંગધારી શુક્લલેશ્યાના શુભ રાગથી નવમી ગૈવયેક ઊંચો ગયો ને ત્યાંથી પાછો નીચે સંસારમાં પટકાય છે. અજ્ઞાનીના શુભરાગની ગણતરી નથી. આત્મા તદ્દન નિર્લેપ અખંડાનંદ પરમાત્મા છે એની દ્રષ્ટિ કર્યાં વિના એક ડગલું પણ મોક્ષમાર્ગમાં આગળ જઈ શકે નહિ. ટૂંકામાં મૂળ સિદ્ધાંત એક છે કે સ્વના આશ્રયથી મુક્તિ ને પરના આશ્રયથી સંસાર. છઢાળામાં કહ્યું કે લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.

**પ્રશ્નઃ**- આત્મ–અનુભવ થતાં પહેલાં છેલ્લો વિકલ્પ કેવો હોય ?

**ઉત્તરઃ**- છેલ્લા વિકલ્પનો કોઈ નિયમ નથી. રાગથી ભિન્નતા પૂર્વક શુદ્ધાત્માની સન્મુખતાનો પ્રયત્ન કરતાં કરતાં શુદ્ધાત્માની સન્મુખતાનો પ્રયત્ન કરતાં કરતાં ચૈતન્યની પ્રાપ્તિ થાય છે. જ્યાં ત્રિકાળી જ્ઞાયક પ્રભુ તરફ પરિણતિ ઢળી રહી હોય, જ્ઞાયકધારાની ઉગ્રતા ને તીક્ષ્ણતા હોય ત્યાં છેલ્લો કયો વિકલ્પ હોય એનો કોઈ નિયમ નથી. પર્યાયને અંદર ઊંડાણમાં ધ્રુવ પાતાળમાં લઈ જાય ત્યાં ભગવાન આત્માની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન થાય છે.

**પ્રશ્નઃ**- મોક્ષનું કારણ સમભાવ છે એ સમભાવ કરીએ તો મોક્ષ થાય ને ?

**ઉત્તરઃ**- સમભાવ એટલે વીતરાગતા. એ વીતરાગતા દ્રવ્યને પકડે ત્યારે થાય. દ્રવ્યના આશ્રય વિના વીતરાગતા ન થાય. સમભાવનું કારણ વીતરાગ સ્વભાવી ભગવાન આત્મા છે. તેનો આશ્રય કરવો અને પરનો આશ્રય છોડવો. આ ટૂંકામાં ટૂંકું છે.

* એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુધ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાન્ત છે. જે વસ્તુ નિત્ય છે તે જ અનિત્ય છે, જે એક છે તે જ અનેક છે–એમ જે પ્રકાશે છે તે જૈન શાસનનું રહસ્ય છે અને બીજી રીતે જે સત્તાને અભેદ દ્રવ્યરૂપ કહે તે નિશ્ચય અને તે જ સત્તાને ગુણ–ભેદરૂપ કહે તે વ્યવહાર–આને અનેકાન્ત કહે છે.

* એક તત્ત્વ છે તેમાં બીજા તત્ત્વનો અભાવ છે. જે તત્ત્વ છે તે પોતાથી છે ને પરથી નથી તે અનેકાન્ત તે જૈન શાસન છે. જે પદાર્થ છે તેની વ્યવસ્થા પોતાથી જ વ્યવસ્થિત થાય છે એ જ જૈનશાસનની વ્યવસ્થાની વ્યવસ્થા છે.

* અનેકાન્તમાં વિશેષ તો એ છે કે જે વસ્તુ છે તે જ વસ્તુમાં વિરુધ્ધ બે શક્તિઓ

છે. નિત્ય ને અનિત્ય વસ્તુ પોતે જ છે. આ જ્ઞાનની પર્યાય શબ્દ સાંભળતા બદલીને નવી થાય છે તે શબ્દથી થઈ નથી, પોતાથી જ થઈ છે. જ્ઞાનની પર્યાય બદલીને નવી નવી થાય છે તે શાસ્ત્ર વાંચવાથી થતી નથી પણ પોતાથી જ થાય છે. પોતે જ નિત્ય ને અનિત્ય ધર્મરૂપે બે વિરુધ્ધ શક્તિથી પ્રકાશે તેને જૈન શાસનનું અનેકાન્ત કહે છે.

**પ્રશ્નઃ**- જ્ઞાયક આત્માને એકલી જ્ઞાનગુણની પર્યાય અવલંબે છે કે અનંત ગુણોની પર્યાય અવલંબે છે?

**ઉત્તરઃ**- જ્ઞાયક આત્માને અનંતા ગુણોની પર્યાય અવલંબે છે. જ્ઞાનથી તો વાત કરી છે પણ બધા ગુણોની પર્યાય જ્ઞાયકને અવલંબે છે.

**પ્રશ્નઃ**- ઉપશમ સમ્યક્ થઈને છૂટી જાય ને મિથ્યાત્વમાં આવી જાય તેને ખ્યાલમાં આવે કે મને સમ્યક્ થયું હતું?

**ઉત્તરઃ**- હા, સમ્યક્ છૂટી જાય પછી થોડો વખત ખ્યાલમાં રહે પછી લાંબો વખત થાય તો ભૂલી જાય.

**પ્રશ્નઃ**- સ્વદ્રવ્ય આદરણીય છે તેમ તેની ભાવના–રૂપ નિર્મળ પર્યાય આદરણીય કહેવાય?

**ઉત્તરઃ**- હા, રાગ હેય છે તેની અપેક્ષાએ નિર્મળ પર્યાયને આદરણીય કહેવાય અને દ્રવ્યની અપેક્ષાએ પર્યાય તે વ્યવહાર છે તે આશ્રય યોગ્ય ન હોવાથી હેય કહેવાય. ક્ષાયિક પર્યાય દ્રવ્યની અપેક્ષાએ હેય કહેવાય પણ રાગની અપેક્ષાએ ક્ષાયિક ભાવને આદરણીય કહેવાય.

**પ્રશ્નઃ**- ધ્રુવની કિંમત વધુ કે આનંદના અનુભવની?

**ઉત્તરઃ**- ધ્રુવની કિંમત વધુ છે. આનંદની પર્યાય તો એક સમયની છે ને ધ્રુવમાં તો આનંદનો ઢગલો ભર્યો છે.

* મુનિઓ કહે છે કે અરે પ્રભુ! અમને આશ્ચર્ય અને ખેદ થાય છે કે શરીરાદિ પરદ્રવ્યથી તું પ્રત્યક્ષ ભિન્ન છો છતાં તેને મારું માને છો. અરે! શું કરે છો પ્રભુ! ચોરાશીના અવતારમાં રખડતાં માંડ મનુષ્યપણું મળ્યું ને આવો સત્ય સાંભળવાનો યોગ મળ્યો, હવે તો દેહથી ભિન્ન ચૈતન્યપ્રભુનો અનુભવ કર!

**પ્રશ્નઃ**- એક આત્માની જ સન્મુખ થવાનું છે તો એને માટે આટલા બધા શાસ્ત્રોની રચના આચાર્યદેવે કેમ કરી?

**ઉત્તરઃ**- એની ભૂલો એટલી બધી છે એ બતાવવા માટે આટલા બધા શાસ્ત્રોની રચના થઈ છે, કરી નથી, પુદ્‌ગલથી થઈ છે.

* પ્રભુ! પહેલાં દેહથી ભિન્ન, વાણીથી ભિન્ન, કર્મથી ભિન્ન, રાગથી ભિન્ન આત્માનો અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય તે સમ્યગ્દર્શનરૂપ પ્રથમ ધર્મ છે, ઉત્તમ ક્ષમા ધર્મ તો પછી ચારિત્રનો છે. વીતરાગમૂર્તિ ભગવાન આત્મા છે તેના દ્રષ્ટિ જ્ઞાન કરવા તે પ્રથમ ધર્મ છે. પછી સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદમાં રમણતા કરવી તે ચારિત્ર ધર્મ છે. જેમાં

શાંતરસમાં લીન થઈ પ્રતિકૂળતાના ગંજ આવે તોપણ ક્રોધ ન કરવો તેને ઉત્તમક્ષમા ધર્મ કહે છે.

* જેને દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થઈ છે તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક ભાસે છે. શરીરાદિ કાંઈ ભાસતું જ નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી ભિન્ન ભાસે છે. દિવસે તો ભિન્ન ભાસે છે પણ રાત્રિમાં ઊંઘમાં પણ આત્મા નિરાળો જ ભાસે છે. સમ્યગ્દૃષ્ટિને ભૂમિકા અનુસાર બાહ્ય વર્તન હોય છે. પરંતુ બાહ્ય વર્તનમાં પણ કોઈ પણ સંયોગોમાં એની જ્ઞાન વૈરાગ્ય શક્તિ કોઈ જુદા જ પ્રકારની રહે છે. બાહ્યથી ગમે તે પ્રસંગમાં સંયોગમા-જોડાયેલો દેખાય તોપણ જ્ઞાયક તો જ્ઞાયકપણે જ ભાસે છે. વિભાવથી ભિન્ન નિઃશંક જ્ઞાયકપણે નિઃશંક ભાસે છે. આખું બ્રહ્માંડ ફરી જાય તોપણ સ્વરૂપ-અનુભવમાં નિઃશંકતા વર્તે છે. જ્ઞાયક ઉપર ચડીને ઉર્ધ્વરૂપે બિરાજે છે, બીજા બધા નીચે રહે છે. ગમે તેવા શુભભાવો આવે, તીર્થંકર ગોત્રનો શુભભાવ આવે તોપણ તે નીચે જ રહે છે. દ્રવ્ય-દૃષ્ટિવંતને આવું અદ્‌ભુત જોર વર્તે છે. ❄ ❄ ❄

## સમાચાર-

* પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં આસો સુદ ૮ ને શુક્રવારના રોજ 'બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન' -ના શિલાન્યાસ-મહોત્સવની આમંત્રણ-પત્રિકાની લેખનવિધિ માનનીય મુરબ્બી પ્રમુખશ્રી રામજીભાઈ દોશીના શુભ હસ્તે કરવામાં આવી હતી. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીને આમંત્રણ-પત્રિકાની અર્પણ વિધિ તથા તેનું સભાસમક્ષ વાંચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગની ખુશાલીમાં ઉપસ્થિત મુમુક્ષુઓએ આરસમાં વચનામૃત કોતરાવવા માટેના એક પાટિયાના રૂ. ૫૦૧/- ના હિસાબે એકસો ને અગિયાર પાટિયા માટે રૂપિયા પંચાવન હજારથી અધિક દાનરાશિ જાહેર કરી હતી.

[ બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન.......... પેજ નં. ૩૫ થી ચાલુ ]

દિને સવારે ૯-૧૫ વાગ્યે રાખવામાં આવી છે. આ શિલાન્યાસની વિધિ પૂજ્ય ગુરુદેવશ્રીની કલ્યાણવર્ષિણી મંગલ ઉપસ્થિતિમાં જમશેદપુરનિવાસી શેઠ શ્રી પ્રફુલચંદ્ર નરભેરામ કમાણીના શુભ હસ્તે કરવામાં આવશે.

સુવર્ણપુરી તીર્થધામમાં નિર્મિત થનાર ભવ્ય 'વચનામૃતભવન' ની માંગલિક શિલાન્યાસવિધિના આ શુભ પ્રસંગે વચનામૃતપ્રેમી ઘણા મુમુક્ષુઓ સોનગઢ પધારવાની સંભાવના છે. મધ્યમ વર્ગના મુમુક્ષુઓ પણ સરળતાથી લાભ લઈ શકે તે અર્થે વચનામૃતના એક આરસ-પાટિયાના રૂ. ૫૦૧ ના હિસાબે આરસના પાટિયા નોંધવાની યોજના નક્કી થઈ છે. ❀ ❀ ❀

## વૈરાગ્ય સમાચારઃ-

* રાજકોટ નિવાસી (હાલ-સોનગઢ) જડાવબેન ઉજમશી મહેતા (વર્ષ-૭૦ લગભગ) તા. ૨૩-૯-૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* પાટીનિવાસી માણેકચંદ વેલશી ખંધાર (વર્ષ-૯૦) તા. ૬-૧૦-૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાણપુરનિવાસી (હાલ-મોરબી) ચંપાબેન નારણદાસ (વર્ષ-૭૭) તા. ૮-૧૦-૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લાઠીનિવાસી (હાલ-મદ્રાસ) રમણીકલાલ મૂળજીભાઈ ભાયાણી (વર્ષ-૫૫) તા. ૯-૧૦-૮૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લીંબડીનિવાસી (હાલ-અમદાવાદ) રસીકલાલ વૃજલાલ મણીયાર (વર્ષ-૬૪) તા. ૧૧-૧૦-૮૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટ નિવાસી વનીતાબેન નવનીતલાલ સંઘવી તા. ૧૯-૧૦-૮૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

-સ્વર્ગસ્થ મુમુક્ષુઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપહારી અમૃતવાણીનો લાભ લેતા હતા. વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. સદ્ગત આત્માઓ વીતરાગ ધર્મનું શરણ પામી શીઘ્ર આત્મોન્નતિ પામે એ જ ભાવના.

## સુચનાઃ-

૧. ગતાંકમાં છાપવામાં આવેલ 'ક્રમબદ્ધપર્યાય' નું ભેટ કૂપન તેમાં જણાવેલ સૂચના મુજબ શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગરના એડ્રેસ ઉપર જ મોકલવું, સોનગઢ ભેટ-કૂપન ન મોકલવું.

૨. નાઈરોબીમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે જે રકમો જેઓએ નોંધાવેલી તે રકમો તેઓએ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અથવા તો શ્રી બલુભાઈ સી. શાહ, મુંબઈ મોકલી આપવી.


* પરમ પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં બિરાજી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી રહેતા ૯૯ ડીગ્રી તાવના લીધે તા. ૧૦-૧૦-૮૦ થી પ્રવચનો બંધ છે. પૂજ્યશ્રીને હાલ અશક્તિ વર્તાતી હોવાથી બન્ને સમયે ટેપ-રેકોર્ડિંગ પ્રવચનો સભામાં વગાડવામાં આવે છે.

સુવર્ણપુરી–સમાચાર–

## બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવનનો

# શિલાન્યાસ-મહોત્સવ

[ તા. ૧૨–૧૧–૮૦, બુધવાર ]



જણાવતાં અત્યંત આનંદ થાય છે કે અધ્યાત્મયુગપ્રવર્તક સર્વજ્ઞલઘુપુત્ર આપણા પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પુનિત પરમ પ્રતાપે પ્રસિદ્ધિપ્રાપ્ત ‘બહેનશ્રીનાં વચનામૃત’ –પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સ્વાનુભૂતિવહેણમાંથી વહેલાં, અધ્યાત્મતત્ત્વના સૂક્ષ્મ રહસ્ય ખોલનારાં, જિજ્ઞાસુઓને મૂંઝવતા અધ્યાત્મકોયડાઓનો સરળતાથી ઉકેલ કરનારા તેમ જ વિભિન્ન કોટિના સર્વ જીવોને જ્ઞાન–વૈરાગ્ય–ઉપશમ–મુમુક્ષુતા–પુરુષાર્થ ઇત્યાદિ અનેક વિવિધ ભાવોનો મધુર સ્પષ્ટ સુબોધ દેનારા, શુદ્ધાત્મતત્ત્વરસભરપૂર તથા સર્વાંગપૂર્ણ વચનામૃત–અનેક જીવોને આત્માર્થ સાધનામાં વિશિષ્ટ પ્રકારે ઉપકારી થતાં હોવાથી ઘણા ઉપકૃતભાવભાવિત મુમુક્ષુઓને આ ‘વચનામૃત’ સંગેમરમાં ઉત્કીર્ણ કરાવવાની ઉલ્લાસપૂર્ણ ભાવના જાગી છે. તેના ફળ સ્વરૂપે ‘બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન’ નિર્માણ કરાવી તેની દિવાલો પર સંગેમરમરમાં ‘વચનામૃત’ ઉત્કીર્ણ કરાવવાની યોજના સાકાર થઈ છે. તે આનંદકારી ભવ્ય યોજનાને મૂર્ત રૂપ આપવા ‘વચનામૃતભવન’ ની મંગલ શિલાન્યાસવિધિ વીર સં. ૨૫૦૭, વિ. સં. ૨૦૩૭, કારતક સુદ ૫, બુધવાર, તા. ૧૨–૧૧–૮૦ના શુભ

[ અનુસંધાન માટે જુઓ પેજ નં. ૩૩ ]

## આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ

| | | |
|---|---|---|
| ૧૨૭૨ | શ્રી પંકજ મનસુખલાલ પટેલ | વડોદરા |
| ૧૨૭૩ | ,, દીપક ચંદુલાલ દોશી | રાજકોટ |
| ૧૨૭૪ | ,, શાંતીલાલ હેમતરાય પારેખ | ,, |
| ૧૨૭૫ | ,, કમલાબેન મહેન્દ્ર દોશી | નાગપુર |
| ૧૨૭૬ | ,, ઇચ્છાબેન દામોદર | રાજકોટ |
| ૧૨૭૭ | ,, દલીચંદ કરસનજી શાહ | રાજકોટ |
| ૧૨૭૮ | ,, ફુલચંદ હંસરાજ દોશી | મોરબી |
| ૧૨૭૯ | બ્ર. ઝમકલાલજી જૈન | સોનગઢ |
| ૧૨૮૦ | શ્રી મેઘજી પેથરાજશાહ કાકાભાઈ | સીંહણા |
| ૧૨૮૧ | ,, હરીશકુમાર એલ. લાખાણી | રાજકોટ |
| ૧૨૮૨ | ,, દિગંબર જૈન મંદિર | ,, |
| ૧૨૮૩ | ,, લક્ષ્મીચંદ નરભેરામ ભીમાણી | ,, |
| ૧૨૮૪ | બ્ર. હેમલત્તા મોહનલાલ ડોસાભાઈ | ,, |
| ૧૨૮૫ | શ્રી ઇન્દ્રવદન હરગોવિંદ શાહ | જામનગર |
| ૧૨૮૬ | ,, અજયકુમાર શાંતીલાલ દોશી | જૂનાગઢ |
| ૧૨૮૭ | ,, વૃજલાલ વાડીલાલ અજમેરા | રાજકોટ |
| ૧૨૮૮ | ,, મહેશકુમાર શાંતીલાલ શાહ | રાજકોટ |
| ૧૨૮૯ | ,, જયંતીલાલ વૃજલાલ કોઠારી | ,, |
| ૧૨૯૦ | ,, સુધાબેન રજનીકાંત ખંઢેરીયા | ,, |
| ૧૨૯૧ | ,, ડો. વિજય મહેતા | કલકત્તા |
| ૧૨૯૨ | શ્રી જિનેશકુમાર એમ. પંચાલી | રાજકોટ |
| ૧૨૯૩ | ડો. જગદીશભાઈ મગનલાલ ઉદાણી | ,, |
| ૧૨૯૪ | શ્રી નીલા આર. શાહ | ,, |
| ૧૨૯૫ | ,, એમ બી. પારેખ | વડોદરા |
| ૧૨૯૬ | ,, રમેશ દોશી | મુંબઈ |
| ૧૨૯૭ | ,, હરીશ બી. પારેખ | અમદાવાદ |
| ૧૨૯૮ | શ્રી વૃજલાલ હીરાચંદ અજમેરા | રાજકોટ |
| ૧૨૯૯ | ,, ભોગીલાલ શાંતીલાલ શાહ | ,, |
| ૧૩૦૦ | ,, કૌશીક હીંમતલાલ શાહ | ,, |
| ૧૩૦૧ | ,, ચીમનલાલ પ્રેમચંદ શાહ | ,, |
| ૧૩૦૨ | ,, ગીરધરલાલ મગનલાલ દોશી | મુંબઈ |
| ૧૩૦૩ | ,, ત્રંબકલાલ પ્રેમચંદ શેઠ | રાણપુર |
| ૧૩૦૪ | ,, ડૉ. કે એ. મંકોડી | રાજકોટ |
| ૧૩૦૫ | શ્રી જયંતીલાલ ચીમનલાલ ધોબીયા | જેતપુર |
| ૧૩૦૬ | ,, વીરચંદ જેઠાભાઈ માલદે | સોનગઢ |
| ૧૩૦૭ | ,, અનીલકુમાર વીરચંદ માલદે | મુંબઈ |
| ૧૩૦૮ | ,, વસંતકુમાર વી. માલદે | લંડન |
| ૧૩૦૯ | ,, હીરાલાલ ચુનીલાલ ભાયાણી | ભાવનગર |
| ૧૩૧૦ | ,, સમ્રાટ ગીઝર | અમદાવાદ |
| ૧૩૧૧ | ,, રમેશચંદ્ર હરીલાલ કોઠારી | મુંબઈ |
| ૧૩૧૨ | ,, પ્રમોદચંદ્ર હરગોવિંદદાસ | મુંબઈ |
| ૧૩૧૩ | ,, કે. એ. શાહ વિકાસ અધિકારી | મહુવા |
| ૧૩૧૪ | ,, મીતાબેન પ્રવીણચંદ્ર શાહ | અમદાવાદ |
| ૧૩૧૫ | ,, સુરેશ બી. શાહ એમ. ડી. | અમેરીકા |
| ૧૩૧૬ | ,, દીલીપકુમાર સુખલાલ કાપડીયા | જોરાવરનર |
| ૧૩૧૭ | ,, ચીમનલાલ છોટાલાલ શાહ | અમદાવાદ |
| ૧૩૧૮ | ,, જયાબેન ડી. મેરગ | નાઈરોબી |
| ૧૩૧૯ | ,, સુલોચનાબેન નાગરદાસ ગાંધી | ભાવનગર |
| ૧૩૨૦ | ,, મનુભાઈ ખારા | સંબલપુર |
| ૧૩૨૧ | ,, એ એચ. કામદાર | સીંગાપુર |
| ૧૩૨૨ | ,, એચ. એમ. ખારા | સંબલપુર |

**આજીવન સભ્ય ફી. રૂા. ૧૦૧/=** [ ક્રમશઃ ]

**તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર** **પ્રત : ૩૨૦૦**

**પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ** **PIN : 364 250**

**મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ** [ વાર્ષિક લવાજમ રૂ. ૯=૦૦ ]